Chap-5

(૪૦૦)

# પ્રકરણ-૫

## તુલનાત્મક પરિશીલન

સુંદરમ્, રાજેન્દ્ર શાહ અને મકરંદ દવેની સમગ્ર કવિતામાં અધ્યાત્મ-નિરૂપણના અભ્યાસને આધારે આપણે તેમની આધ્યાત્મિક સંવેદના અને અભિગમની કેટલીક રેખાઓનો સ્પર્શ પામી શક્યા છીએ. ત્રણેય કવિઓના આધ્યાત્મિક અભિગમના સામ્ય અને વૈશિષ્ટ્યનો પણ આપણને પરિચય મળે છે ત્યારે આ કવિઓની અધ્યાત્મ-કવિતામાંથી પ્રગટતા અધ્યાત્મવિશેષના ઉપલક્ષમાં હવે આપણે કેટલાંક નિશ્ચિત તારણો પર આવી શકીએ. સુંદરમ્, રાજેન્દ્ર શાહ અને મકરંદ દવેની કવિતાના કાવ્યવિશેષો અને તેમની કવિતાની આધ્યાત્મિકતાના સંદર્ભમાં તેમના અનુભૂતિજન્ય વૈવિધ્યને પામવાનો મેં અહીં નમ્ર પ્રયાસ કર્યો છે.

આ ત્રણે મોટા ગજાના સર્જકોની કવિતામાં પ્રગટતો સૂર પ્રધાનપણે આધ્યાત્મિકતાનો છે. આ કવિઓના કવિકર્મની ફલશ્રુતિ જ આધ્યાત્મિક સંવેદનાને કાવ્યમાં પ્રગટાવવામાં અને સાથે સાથે પામવામાં રહેલી છે. 'કોયા ભગતની કડવી વાણી અને ગરીબોનાં ગીતો' થી આરંભાયેલી સુંદરમ્‌ની કાવ્યયાત્રાનો પ્રધાન સૂર આધ્યાત્મિકતા જ છે કેમકે અવળવાણીમાં પણ અહીં ઈશ્વર સાથેનો નાતો તો પ્રગટ છે. અન્ય કાવ્યસંગ્રહોમાં 'કાવ્યમંગલા'નાં કુલ ૫૪ કાવ્યોમાંથી ૧૬, 'વસુધા'માં ૯૧ કાવ્યોમાંથી ૧૪, 'યાત્રા'નાં ૧૧૮ કાવ્યોમાંથી ૩૩,' વરદા'નાં ૮૯ કાવ્યોમાંથી ૬૪, 'મુદિતા'નાં ૯૬માંથી ૩૦, 'ઉત્કંઠા'નાં ૬૪ કાવ્યોમાંથી ૧૭ કાવ્યો સ્પષ્ટ અધ્યાત્મપરક કાવ્યો છે. આ સિવાયનાં વ્યકિતવિશેષનાં કાવ્યોમાં બુધ્ધ, ગાંધી, ઈશુ, કસ્તુરબા તથા અન્ય વ્યકિતવિષયક કાવ્યમાં પણ અધ્યાત્મચિંતન પ્રગટ થાય છે. ૧૯૪૫માં અરવિંદઆશ્રમમાં સ્થિર થયા પછીનાં અરવિંદ અને માતાજીવિષયક સંખ્યાબંધ કાવ્યો 'યાત્રા' અને 'ઉત્કંઠા'માં સંગ્રહિત છે. પ્રકૃતિ અને પ્રણયકાવ્યોમાં પણ પ્રકૃતિ કે પ્રણયનું નિરૂપણ પરમતત્ત્વ સાથે જોડાઈ જતું જોવા મળે છે. કેટલાક સ્થૂળ વિષય ઉપર પણ લખાયેલાં કાવ્યોમાં પણ કવિના આધ્યાત્મિક વ્યકિતત્વનો સંસ્પર્શ જોવા મળે છે. આમ સુંદરમ્‌નો સમગ્ર કવિતાનો પ્રધાન સૂર આધ્યાત્મિકતા જ છે.

રાજેન્દ્ર શાહની કવિતાનો પ્રારંભ 'ધ્વનિ'ના નિરુદ્દેશે ભ્રમણથી થાય છે પણ કવિનું આ ભ્રમણ પરમપ્રાપ્તિનો ઉદ્દેશ લઈને આવે છે. કવિ સૌંદર્યમુગ્ધ કવિતાનું ગાન કરતાં કરતાં અદીઠના પ્રદેશો ખૂંદી વળે છે. પ્રણયની મસ્તી અને પ્રકૃતિનું સૌંદર્યપાન કરતાં કવિ અધ્યાત્મચિંતનની ભૂમિકાએ જ વિહરે છે. જયારે શુધ્ધ તત્ત્વદર્શનની કવિતા તો કવિ પાસેથી મળે જ છે. કવિના ૧૯ કાવ્યસંગ્રહો પૈકી 'ઈક્ષણા', 'મધ્યમા',' દ્વા સુપર્ણા',' ચંદનભીની અનામિકા','-નીલાંજના' અને 'આરણ્યક' જેવા કાવ્યસંગ્રહોની તો સમગ્ર કવિતા અધ્યાત્મને લક્ષે છે. તો અન્ય કાવ્યસંગ્રહોમાં પણ અધ્યાત્મકવિતાનું પ્રચુર પ્રમાણ છે. 'ધ્વનિ'ના `૧૦૮ કાવ્યો માંથી લગભગ ૬૩, 'આંદોલન'નાં ૬૭માંથી ૨૫ , 'શાંત કોલાહલ'માં ૯ , 'કિંજલ્કિની 'માં ૩૫ -આમ અધ્યાત્મલક્ષી કાવ્યોનું પ્રમાણ મોટું છે. જે કાવ્યસંગ્રહો પ્રણયગીતો અને પ્રકૃતિ-વર્ણનને સમાવે છે તેમાં પ્રણયની પ્રગાઢ અનુભૂતિને અનુષંગે પ્રગટતું અધ્યાત્મચિંતન અને પ્રકૃતિ સાથેની તાદાત્મ્યાનુભૂતિમાં કવિ પ્રગટ પ્રભુના વિસ્તારને જ પામી રહે છે.

મકરંદ દવેની તો કવિતાનો રંગ જ ભીતરનાં ભગવાથી રંગાયેલો છે. જિંદગીનું જયગાન, માનવપ્રેમ અને પ્રકૃતિનાં કાવ્યો મકરંદ દવે પાસેથી પણ મળે છે પરંતુ એની સાથે કવિનું અધ્યાત્મચિંતન વણાયેલું છે. મકરંદ દવેની કાવ્યસાધનાનો ઉઘાડ પણ રાજેન્દ્ર શાહની જેમ ૧૯૫૧માં 'તરણાં' સંગ્રહના પ્રકાશનથી થાય છે. અહીં ખૂણામાં પડેલાં તુચ્છ તરણાંમાં કવિને અનંતના તેજનો વિસ્તાર દેખાય છે. પરમ સૌંદર્યના ગાનને ગુંજારવા ઇચ્છતાં કવિનાં કાવ્યોનો પ્રધાનસૂર કેવળ અધ્યાત્મચિંતન જ છે. કવિ મકરંદ દવેના તો કાવ્યસંગ્રહો કરતાં અધ્યાત્મચિંતનના પુસ્તકો વધારે છે. તેમનું આ ચિંતન તેમના કોઈ પણ વિષયના કાવ્યોમાં પ્રગટો જ રહે છે. 'જયભેરી'ના જીવનનું જયગાન ગજવતાં કાવ્યોમાં પણ અધ્યાત્મની કેડીએ પળવાનું શૌર્ય જગવતા કાવ્યો છે. 'ગોરજ'માં ૧૦૫ કાવ્યોમાં મહાકુંડલિનીને જાગૃત કરવાના પ્રયત્નથી આરંભાઇ અસીમને આરે તેજનો ચારો ચરવા આતમધેનુને મોકલતા કવિનો સમગ્ર કાવ્ય વિસ્તાર અધ્યાત્મને પ્રત્યક્ષ યા પરોક્ષ અનુલક્ષે છે. 'સૂરજમુખી'માં કવિ સુવર્ણકાંતિએ હૃદયપુષ્પ ખિલવવાનો સંદેશ લઇને આવે છે. તો 'સંજ્ઞા' કાવ્યસંગ્રહના ૬૬ કાવ્યોમાંથી ૩૦ કાવ્યો જેટલાં કાવ્યો અધ્યાત્મપરક છે. અન્ય કાવ્યોમાં પણ કવિના ચિંતનનો સ્પર્શ જડી આવે છે. 'સંગતિ' કાવ્યસંગ્રહ કવિની અધ્યાત્મયાત્રાને ચરમબિંદુએ પહોંચાડે છે. અહીં તો સર્વત્ર ભીતરનો ભગવો લહેરાય છે. ૧૦૧માંથી ૬૫ કાવ્યો કવિની અધ્યાત્મ-ઉપલબ્ધિના પરિચાયક છે. શબ્દોનાં પારખાં કરતા કવિ શબ્દને અહીં પામી રહે છે. તે જ રીતે 'અમલપિયાલો'માં 'સંગતિ' પછીનાં ૩૪ કાવ્યોમાં અને 'હવાબારી' ગઝલસંગ્રહમાં પણ અધ્યાત્મલક્ષી ચિંતન બહુધા પ્રગટ્યું છે. આ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે સુંદરમ્, રાજેન્દ્ર શાહ અને મકરંદ દવે ત્રણેયની કવિતાનો પ્રધાનસૂર આધ્યાત્મિકતા જ છે.

'વાકૈવ બ્રહ્મ ' વાણી એ જ બ્રહ્મ છે આ ત્રણેય કવિઓ માટે. શબ્દ અને બ્રહ્મની ઉપાસના કરતાં કરતાં અંતે શબ્દબ્રહ્મને તેઓ પામી રહે છે. આ કવિઓના સંવેદનો જેમ જેમ સઘન થતાં જાય છે, તેમ તેમ કવિતા પરિષ્કૃત થતી, પ્રૌઢ થતી જાય છે અને અધ્યાત્મ સૂક્ષ્મ થતું જાય છે. તેઓ સાધનાનો માર્ગ લેવા છતાં કાવ્યપ્રવૃત્તિ છોડી દેતા નથી . કવિતા જ એમની અધ્યાત્મ-સંવેદનાને પ્રગટાવવાનું અને વિકસાવવાનું માધ્યમ બને છે. આ રીતે તેમની કવિતામાં અધ્યાત્મવિકાસની કેડી જોઇ શકાય છે. સુંદરમ્‌ની આધ્યાત્મિકતા ગૌતમબુધ્ધના મહાભિનિષ્ક્રમણથી માંડી બુધ્ધ બનવાની અને ધર્મ-પ્રચાર દ્વારા વિશ્વકલ્યાણમાં ફાળો આપવાની જીવનયાત્રાના આલેખને પ્રગટ કરે છે. કવિના આ આધ્યાત્મિક વ્યકિતત્વની વિકાસરેખા એમની કવિતામાં કંડારાયેલી છે. પ્રારંભિક કાવ્યોમાં બીજભૂત આધ્યાત્મિક સંવેદનો ક્રમશઃ પાંગરીને વિકસતા જઈ અંતે લક્ષ્ય-પ્રાપ્તિની મંઝિલ સુધી પહોંચે છે. એ જ રીતે રાજેન્દ્રશાહની આધ્યાત્મિકતા પણ 'ધ્વનિ'રૂપ અદીઠનાં અણસારથી આરંભાયેલી શબ્દબ્રહ્મના સ્વીકાર અને સૃષ્ટિમાં સર્વત્ર એના દર્શન સુધી વિસ્તરેલી છે. કવિની સંવેદના ક્રમશઃ વિકસતી રહે છે તેમ તેમ આધ્યાત્મિકતા પ્રગાઢ બનતી પરમસિધ્ધિને વરે છે, તો મકરંદ દવેમાં 'તરણાં'ના સૌંદર્યનું ગાન સદા મુખે ગુંજારવાના, આત્મકલ્યાણ અને વિશ્વકલ્યાણના માર્ગે પળવાના શુભ સંકલ્પ સાથે કાવ્યયાત્રાનો પ્રારંભ થાય છે અને અંતે કવિની અનાદિ મથામણનું નરીલું નિવારણ શોધી રહે છે. આમ આ કવિઓની આધ્યાત્મિકતા જેમ જેમ અનુભવોની બનતા પામતી પરિષ્કૃત બનતી જાય છે તેમ તેમ ~~કવિની~~ કવિતા પણ આયાસમુકત અને સ્વાભાવિક ભાવાનુભૂતિનું સાચું નિરૂપણ બનતી જાય છે. આત્માના અને આત્મામાંથી પ્રગટતી કવિતામાં શુધ્ધિકરણની પ્રક્રિયાનો દસ્તાવેજ બની રહે છે આ ત્રણેય કવિઓની

સમગ્ર કવિતા. કવિ જેમ જેમ પ્રૌઢ થતો જાય છે તેમ તેમ તેની શબ્દની પરખ પાકી થતી જાય છે. તત્ત્વચિંતનનો બોજ ક્યાંક કાવ્યતત્ત્વને કચડી નાંખે એવા પ્રસંગો બાદ કરતાં સહજ સ્ફુરેલી કવિતા જે કવિની આધ્યાત્મિક સંવેદનાને સાકાર કરે છે તે કવિતાના વિકાસ સાથે સાથે કવિના આધ્યાત્મિક વિકાસને સાંકળી શકાય છે. શબ્દ પરિષ્કૃત થતાં શુધ્ધ કવિતામાં પરિણમે છે, તેમ ચિત્તશુધ્ધ થતું આધ્યાત્મિક પ્રાપ્તિમાં પરિણમે છે. આમ ત્રણેય કવિઓની કવિતા તેમના આધ્યાત્મિક વિકાસની કેડી રચી આપે છે.

આ આધ્યાત્મિક વિકાસની ગતિ સ્થૂળતામાંથી સૂક્ષ્મતા તરફની છે. સુંદરમ્‌માં વાસ્તવદર્શનથી આત્મદર્શન તરફ, વસુધાના ગાનથી ઊર્ધ્વતા તરફ, અભિધાથી વ્યંજના તરફ, સ્થૂળથી સૂક્ષ્મ તરફની ગતિ જોવા મળે છે. રાજેન્દ્ર શાહમાં સ્થૂળ ધ્વનિથી સૂક્ષ્મ નાદબ્રહ્મ તરફ, સ્થૂળ 'હું'થી સૂક્ષ્મ 'હું'ની પ્રાપ્તિ તરફ, આત્મવિલોપનથી આત્મસાક્ષાત્કાર તરફની ગતિ પણ ક્રમશઃ સૂક્ષ્મ સંવેદનો પ્રગટાવે છે. મકરંદ દવેની કવિતા પણ જિંદગીની જિંદાદિલીથી જીવનમુક્તિ તરફ, મર્માળા માનવીઓની ગોઠડીથી ભીતરની ગોઠડી તરફ ક્રમશઃ આગળ વધે છે. વૈખરીથી પરાવાણી તરફ અને પૃથ્વીની સ્થૂળતાથી આકાશની સૂક્ષ્મતા તરફની ગતિનો~~તરફની~~ આલેખ ત્રણેય સાધકોની ઉપાસનાનો માર્ગ છે.

સુંદરમ્, રાજેન્દ્ર શાહ અને મકરંદ દવેની કવિતા ઉપર ઓછા વત્તા પ્રમાણમાં ગાંધીજી, ટાગોર અને અરવિંદનો પ્રભાવ જણાઈ આવે છે. સુંદરમ્‌ની ઉપર ગાંધીજીનો અને અરવિંદનો પ્રત્યક્ષ પ્રભાવ જોઈ શકાય છે. પ્રકૃતિની રહસ્યમયતામાં ટાગોરનો પ્રભાવ ત્રણેય ઉપર છે. રાજેન્દ્ર ઉપર શ્રેયસ્સાધક અધિકારી વર્ગના શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યનો તથા યોગી ત્રિલોકચંદ્રસૂરિનો પ્રભાવ છે, તો મકરંદ ઉપર શ્રી રામકૃષ્ણ પરમહંસ અને અન્ય સંતો, યોગીઓ અને ભજનિકોનો પ્રભાવ છે. સુંદરમ્ કવિતાને અરવિંદવિચારપ્રચારનું માધ્યમ બનાવે છે. તેવી સાંપ્રદાયિકતા રાજેન્દ્ર-મકરંદમાં જોવા મળતી નથી. ગાંધીયુગના સ્વાતંત્ર્ય સંગ્રામમાં સક્રિય ભાગ લેવા છતાં રાજેન્દ્રની કવિતામાં પણ સુંદરમ્ જેવો ગાંધીજીનો પ્રભાવ વર્તાતો નથી. મકરંદમાં સમાજના દીન-દલિત પ્રત્યેની કરુણાતાનો ભાવ પ્રગટે છે પણ તે સહજ પ્રેમના આવિષ્કારમાં જ પરિણતિ પામે છે. રાજેન્દ્ર-મકરંદની કવિતામાં વ્યક્તિચિત્રો પણ મળે છે પરંતુ સુંદરમ્ ઉપર બુધ્ધનો કે અન્ય વ્યક્તિઓનો પ્રભાવ જણાય છે એવો રાજેન્દ્ર ઉપર કે મકરંદ ઉપર જણાતો નથી. બંને ઘણાં વ્યક્તિઓમાંથી પ્રેરણા પામે છે પરંતુ શરણાગતિ સ્વીકારવા જેવો વિભૂતિ-પ્રભાવ કે ધર્મપ્રચાર કરવા જેવો અહોભાવ તેઓમાં જડતો નથી. આમ કહી શકાય કે સુંદરમ્‌ની કવિતામાં જેટલો અને જેવો વિભૂતિપ્રભાવ જોવા મળે છે તેવો રાજેન્દ્ર અને મકરંદની કવિતામાં દેખાતો નથી.

અનેકની પ્રેરણા, પ્રભાવ ઝીલવા છતાં સુંદરમ્, રાજેન્દ્ર અને મકરંદની શ્રધ્ધાભૂમિ આગવી છે. ત્રણેય કવિઓ તેમના કાવ્યોમાં પ્રભુના સાકાર અને નિરાકાર રૂપો નિરૂપે છે. કોઈ પણ સ્વરૂપ વૈયક્તિક નથી પણ વૈશ્વિક છે, અતિ વ્યાપક અનંત બ્રહ્મરૂપને જ અંતે તો લક્ષે છે. આમ કહી શકાય કે ત્રણેયની શ્રધ્ધાભૂમિ વેદોપનિષદ્ કથિત બ્રહ્મનું જ સ્વરૂપ છે. ત્રણેય જડ-ચેતન સર્વમાં સર્વત્ર રમમાણ બ્રહ્મરૂપે રહેલા તત્ત્વની જ આરાધના કરે છે. આત્મચેતના અને તેના વિસ્તાર-વિલાસમાં આહ્લાદ માણે છે. આમ અહીં ભગવદ્ ગીતાની અધ્યાત્મની વ્યાખ્યા 'સ્વભાવોઽધ્યાત્મ'નો ખ્યાલ ત્રણેયની કવિતા પ્રગટ કરે છે. તેમ છતાં પરમતત્ત્વનું સ્વરૂપ તો આ કવિઓની

પોતપોતાની કલ્પનાનું જ છે. તેમની કલ્પનાનાં ગુણલક્ષણો બ્રહ્મરૂપને સાકાર કરે છે. સુંદરમ્ અનેક સ્વરૂપોમાં અનેકવિધ રીતે આ તત્ત્વને શોધે છે અને અનેકવિધ રીતે વિભિન્ન સ્વરૂપોમાં કવિને આ તત્ત્વ જડે પણ છે. સુંદરમ્ અરવિંદની કંઠી બાંધે છે છતાં અધ્યાત્મદર્શન તેમનું આગવું જ છે. અરવિંદ તેમના ગુરુ છે, ઇષ્ટદેવ નથી. અરવિંદદર્શન પણ અંતે તો વેદોપનિષદ્પ્રમાણિત છે. સુંદરમ્‌ને પોતાના વિચારોનું સાકારરૂપ અરવિંદદર્શનમાં સાંપડે છે પણ દૃષ્ટિ તો કવિની આગવી જ છે. રાજેન્દ્ર તો પોતાના જ ભાવજગતમાં સમાધિયોગ દ્વારા સિધ્ધિને પામે છે અને મકરંદ દવે સાધક જ છે. આમ ત્રણેય કવિઓની કવિતા પરમાત્મને કોઇપણ નામથી સંબોધતી હોય, જુદા જુદા રૂપમાં સાકાર થતી હોય, પણ તેનું રૂપ વૈયક્તિક નહીં વૈશ્વિક છે. અનંતમાં સમાય એવા અતિવ્યાપક બ્રહ્મરૂપમાં ત્રણેય કવિઓની શ્રધ્ધા સ્થિત છે અને એ દૃષ્ટિએ જોતાં વેદોપનિષદ્ કથિત બ્રહ્મ અંગેના વિચારોમાં જ ત્રણેયની આધ્યાત્મિકતાના મૂળ જડે છે. જો કે દરેકની કવિતા જે ભાવો પ્રગટાવે છે તેમાં જે તે કવિના વ્યક્તિત્વનું જુદાપણું સ્પષ્ટ થાય છે. સુંદરમ્ દુઃખોથી ભાગી છૂટવાનો માર્ગ શોધતા પ્રભુને કરુણાસાગર તેજમય અને આનંદમય રૂપોમાં જુએ છે. રાજેન્દ્ર આનંદના જ અધિકારી છે અને આનંદનું પ્રગટ રૂપ સુર-સંગીતમય. તેજમય અને આનંદમય રૂપોમાં એ તત્ત્વને મહદંશે પ્રગટાવે છે. જ્યારે મકરંદનું લક્ષ્ય જીવનમુક્તિ-મોક્ષ છે. દંભી સમાજથી દૂર ભાગેલા કવિ સહજ પ્રેમમય, તેજમય અને આનંદમય રૂપે એના દર્શન પામે છે. બુધ્ધ. ગાંધી અને ઇસુનાં કરુણામય રૂપો રાજેન્દ્રમાં પ્રગટતાં નથી. સૌંદર્યાનંદની મસ્તી જ પ્રગટે છે. મકરંદ સહજના કિનારે પ્રેમગંગા વહાવી ચિત્તશુધ્ધિથી પારદર્શક અંતરમાં પરમતત્ત્વના પ્રેમાનંદના તેજરસાયનને યોગસાધનામાં ઝીલવા તત્પર છે. આમ કહી શકાય કે ત્રણેય કવિઓના વ્યક્તિત્વ નોખા નોખા છે છતાં પરમતત્ત્વની અનુભૂતિમાં સમાનતા જણાય છે અને શ્રધ્ધાભૂમિ, તેમની કલ્પનામૂર્તિ આગવી જ છે.

સુંદરમ્, રાજેન્દ્ર શાહ અને મકરંદ દવેની કવિતા આધ્યાત્મિકતાના અનેક રૂપો ધરે છતાં આ બધાં જ રૂપોમાં પ્રગટતી તેમની આધ્યાત્મિકતાનું વિલક્ષણ રુપ પણ આપણાં ધ્યાનમાં આવ્યા વિના રહેતું નથી. સુંદરમ્‌ની આધ્યાત્મિકતા ક્યારેક કોઇ શાશ્વત તત્ત્વના આશ્રયે પ્રગટે છે. તો ક્યારેક તે રામ કે કૃષ્ણરૂપે પ્રગટે છે. ક્યારેક બુધ્ધ કે ગાંધી રૂપે તો ક્યારેક અરવિંદ કે માતાજીના રૂપમાં પ્રગટ થાય છે. કવિ ક્યારેક મીરાંની વિરહવ્યાકુળતા તો ક્યારેક રાધાની તન્મયતા પ્રગટાવે છે. સંતનો જ્ઞાનોપદેશ અને અવધૂતનો અલખ જગાવે છે. ક્યારેક જનનીના ખોળે તો ક્યારેક આભ હિંડોળે કવિ ઘૂમ્યા કરે છે. પણ આ બધાં જ રૂપોમાં કવિની આધ્યાત્મિકતાનું એક વિલક્ષણ રૂપ પણ આપણા ધ્યાનમાં આવે છે. 'કોયા ભગતની કડવી વાણી'માં કવિ પ્રભુને જાકારો આપે છે પણ નાસ્તિક નથી. સુંદરમ્ ગોપીભાવની કવિતા રચે છે છતાં તે કૃષ્ણભક્ત નથી. વિભૂતિ-વર્ણન કરતા હોવા છતાં ઇશ્વરના કોઇ એક પૂર્ણાવતારને તેમણે પ્રભુ તરીકે સ્વીકાર્યા નથી. અખિલ વિશ્વમાં વ્યાપ્ત વિભુનો સ્વીકાર કરતાં હોવા છતાં કોઇ ઊર્ધ્વલોકમાંથી તેજોમય ચેતનાના અવતરણની કવિ ઝંખના પ્રગટાવે છે ત્યારે કવિની આધ્યાત્મિકતામાં રહેલી વિલક્ષણતાનો આપણને પરિચય થાય છે અને ત્યારે આપણા માટે કવિને તે ભક્ત હોવા છતાં અનન્ય ભક્તની કોટિમાં. સાધક હોવા છતાં યોગીની કોટિમાં, સ્થિરબુધ્ધિ હોવા છતાં સંતની કોટિમાં કે વિશ્વકલ્યાણમાટે રત હોવા છતાં સમાજસુધારક. ક્રાંતિકારી કે માનવતાવાદીની કોટિમાં મૂકવા મુશ્કેલ બને છે. કવિ એક વિલક્ષણ વ્યક્તિત્વ - ચિંતન ધરાવતા

અધ્યાત્મવાદી છે. તેમની આ વિલક્ષણતા કાવ્યોમાં અનેક સ્તરે નિરૂપાયેલી છે. 'કોયા ભગતની કડવી વાણી'માં જૂના લોકઢાળોમાં નવી યુગચેતના ભરે છે. સાધનાનો પંથ લેવા છતાં કવિ કાવ્યસર્જનને ત્યજી નથી દેતાં. સાધક હોવા છતાં વ્યવહારજગત સાથેનો સંબંધ તોડી નાખતા નથી.

રાજેન્દ્ર શાહની કવિતા અધ્યાત્મના અનેક સંસ્પર્શો પ્રગટ કરે છે. કવિની પ્રકૃતિની સૌંદર્યલીલાનું નિરૂપણ કરતી રચનાઓ, પ્રણયભાવનાં ગીતો, યોગની પરિભાષા ઝીલતાં કાવ્યો - ભજનોમાં શક્તિસંપ્રદાયનો પ્રભાવ વર્તાય છે. કેટલીક કૃત્તિઓમાં વ્યક્ત થતા અદીઠા દેશમાંથી આવતા અગમ્ય સૂરો સાથેના અનુસંધાનમાં રહસ્યમાર્ગી વલણ દેખાય છે, તો અનેક કૃત્તિઓમાં કવિ સ્વને બ્રહ્મરૂપે અનુભવતા બ્રહ્મવાદી જેવા લાગે છે. વળી શિવના સ્પંદમાં સૃષ્ટિનો આવિર્ભાવ ઝીલતાં કવિ કાશ્મીરી શિવદર્શનનો પ્રભાવ પણ ઝીલે છે. શ્રેયસ્સાધક અધિકારી વર્ગના શ્રી ઉપેન્દ્રચાર્ય અને યોગી શ્રી ત્રિલોકચંદ્રસૂરિના સંપર્કથી એમની આવી વૃત્તિ પોષાયેલી - સંસ્કારાયેલી છે. સ્વની શૂન્યરૂપે, સ્પંદરૂપે, અનંતરૂપે, સર્વરૂપે, પૂર્ણરૂપે કવિએ કરેલી અનુભૂતિ અદ્વૈતદર્શનના અનેક ઉત્તમ કાવ્યો રચે છે. આમ છતાં કવિ કોઈ શૈવપંથને, શાક્તપંથને, રહસ્યમાર્ગને કે અદ્વૈતદર્શનને સમર્પિત નથી. કવિ 'ઈક્ષણા'માં યોગસાધનાનું વર્ણન કરે છે છતાં તે મહાન્ યોગી નથી. મીરાંના આરત, ઈજન કે વિરહવ્યાકુળતા પ્રગટાવે છે છતાં પરમભક્ત નથી અને તત્વચિંતન પ્રગટાવતાં કાવ્યો રચે છે છતાં જ્ઞાનમાર્ગી કે નિર્ગુણવાદી નથી. કવિ અધ્યાત્મનો અનેકવિધ સંસ્પર્શ પામે છે છતાં તે કોઈ ભક્ત, યોગી, સાધક કે સંત બની જતાં નથી. સમાજના સંવાદની ચિંતા કરે છે છતાંય તે છેવટ સુધી કવિ જ રહે છે. પોતાના આગવા ભાવજગતને જ તે પ્રગટ કરે છે. એમની આધ્યાત્મિક ઉપલબ્ધિ એમનામાં થતો કાવ્યસર્જનનો પ્રક્રિયાનો દિવ્યતાનો પ્રક્ષેપ છે. જે કવિને એ ક્ષણોમાં અનુભૂતિની ઊંચાઈએ પહોંચાડે છે, એટલે જ કવિની અધ્યાત્મકવિતા અનેક આયામો રચતી હોવા છતાં કવિના વ્યક્તિત્વની વિલક્ષણતાઓ વ્યક્ત કરે છે.

મકરંદ દવે તો માત્ર સાધક કવિ છે. સમાજથી અલિપ્ત રહીને સાધના અને લેખનપ્રવૃત્તિમાં જ એ ગળાડૂબ છે, છતાં ય સામાજિક સંપ્રજ્ઞતાથી એ પર નથી. સમાજથી દૂર રહીને ય સમાજનો દંભી, સ્વાર્થી વ્યવહાર તેમને પીડે છે. સહજ આનંદ અને માંગલ્યના એ કવિ છે. તેમના કાવ્યોમાં પ્રાચીન ભજનપરંપરાનો વારસો ઠલવાય છે. અવધૂતના એકતારાની ગુંજ ઊઠે છે. ભીતરનો ભગવો લહેરાય છે, બેહદની બારાખડી ઘૂંટાય છે. છતાં ય કવિ મિત્રોની મહેફિલમાં મસ્ત છે, મલકનાં મમાળા માનવીઓના એ મીઠા બોલના અનુરાગી છે. ભક્તિને જ જીવનનું મુખ્ય ધ્યેય બનાવતા કવિ માતાની માંદગીના સેવાકાર્યમાં વ્યસ્ત છે. યોગસાધનાના પંથે પળેલા હોવા છતાં દીન-દલિત આદિવાસીઓની પીડા તેમના હૈયે છે. આમ કવિ અલિપ્ત હોવા છતાં યુક્ત છે. સાવ નવરા હોવા છતાં વ્યસ્ત છે. બધી જ ચિંતાઓ વહાલાને સોંપીને જીવનની સહેલ માણતા કવિને માતાની માંદગીની પળે પળ ચિંતા છે. આમ સંન્યાસી, પ્રેમી અને ગૃહસ્થ યોગીની વિલક્ષણ ભૂમિકા તેઓ ભજવે છે. આમ સુંદરમ્, રાજેન્દ્ર શાહ અને મકરંદ દવેનાં કાવ્યોમાં અધ્યાત્મનાં સર્વોચ્ચ શિખરો સર થયેલાં દેખાય છે પરંતુ અધ્યાત્મની વિલક્ષણ ભૂમિકાઓ તેમાં પ્રગટતી જોવા મળે છે.

પ્રણય, પ્રકૃતિ અને અધ્યાત્મ એ ત્રણ વિષયો સુંદરમ્, રાજેન્દ્ર અને મકરંદ દવેની કવિતામાં નિરૂપાયેલા છે. જોકે સુંદરમ્ અને રાજેન્દ્રમાં પ્રણય દાંપત્યપ્રેમના રૂપે

પ્રગટે છે, જ્યારે મકરંદનાં કાવ્યોમાં પ્રણયના સ્થાને પ્રેમ- સહજ પ્રેમ- ધરતીનો પ્રેમ કે માનવપ્રેમરૂપે વ્યાપક અર્થમાં નિરૂપાયેલો છે. સુંદરમ્‌ની કવિતામાં દાંપત્યપ્રેમમાં વિફલતા, વિકલતા, વિરહનાં વર્ણનો પણ આપણને મળે છે. જ્યારે રાજેન્દ્રની પ્રણય-કવિતા મસ્તી અને તૃપ્તિનો સુભગ સમન્વય સાધે છે. સુંદરમ્ દાંપત્યપ્રેમની વિફલતા અને વિકલતાથી પીડાઈ પ્રભુપ્રેમ તરફ વળે છે. જ્યારે રાજેન્દ્રના પ્રેમની પ્રગાઢતા એકાત્મતાનો - એકમયતાનો અનુભવ કરાવે છે. આમ છતાં બંનેમાં પ્રણયનો તંતુ ઘણીવાર પ્રભુ સાથે જોડાઈ જતો જોઈ શકાય છે. રાજેન્દ્રનો પ્રણયાનુભવ અધ્યાત્માનુભવની ચરમકક્ષાએ પ્રગટે છે અને પ્રણયની આ પ્રગાઢ અનુભૂતિ કવિને આનંદલીન બનાવે છે. જે એક નવા જ આધ્યાત્મિક અનુભૂતિના શિખરને સર કરે છે. આમ આપણે કહી શકીએ કે સુંદરમ્‌ની પ્રણયાનુભૂતિ રાજેન્દ્ર જેટલી સૂક્ષ્મ અને આધ્યાત્મિક ભૂમિકાએ પ્રગટતી નથી પરંતુ માતાજી વિષયક કાવ્યોમાં પ્રગટ થતો ભક્તિભાવ પ્રણયની કક્ષાએ પહોંચે છે અને ઈન્દ્રિયસંતર્પક અનુભવો કવિને આપે છે. કવિ મકરંદ દવે તો પ્રેમ સ્વરૂપે પ્રભુને જુએ છે. જોકે એવો કોઈ પ્રગટ ઉલ્લેખ કવિ કરતા નથી પરંતુ કવિનો 'તરણાં' કાવ્યસંગ્રહ પ્રેમનો જ દસ્તાવેજ છે. તેમનાં કાવ્યોમાં સુંદરમ્ અને રાજેન્દ્ર જેવો પ્રણય ભાવ નિરૂપાયેલો નથી. તેમનો પ્રેમ એ માનવહૈયાનો સહજભાવ છે, નિર્મળ ભાવ છે, જે દ્વેષ, વેર, સ્વાર્થ અને ઈચ્છાઓથી પર છે. કોઈ પણ પ્રકારના બંધન વિનાના પ્રેમમાં કવિને આત્મકલ્યાણનો અને વિશ્વકલ્યાણનો માર્ગ જડે છે. કવિને 'તરણાં' જેવો હળવો, નીલવર્ણ, જીવંત, નિરભિમાની હૃદયનો પ્રેમ સ્વીકાર્ય છે. તેમનો ધરતીનો પ્રેમ, વતનપ્રેમ પણ કેટલાંક કાવ્યોમાં નિરૂપાયેલો છે. પ્રેમની ગંગામાં નાહી પાવન થવાનો અને પ્રેમના નિર્મળ ઝરણાને વહેતું રાખવાનો સંદેશ કવિનાં કાવ્યોમાં પાને પાને વ્યક્ત થાય છે. ભક્તિમાર્ગની સાધના પણ પ્રેમની સાધના છે. 'મિતાઈ-ગીતિ'માં આ સાધનાનાં સોપાનો નિરૂપાયેલાં છે. આમ મકરંદ દવેમાં પ્રેમનો પર્યાય સુંદરમ્ અને રાજેન્દ્ર કરતાં જુદો છે. સહજ માનવ-પ્રેમનો સંદેશ સુંદરમ્ -રાજેન્દ્રની કવિતામાં પણ મળે છે પરંતુ તેમના પ્રણય કાવ્યો જેવું પ્રણયનિરૂપણ મકરંદમાં જોવા મળતું નથી. પાવન થવાનો અને પ્રેમના નિર્મળ ઝરણાને વહેતું રાખવાનો સંદેશ કવિના કાવ્યોમાં મળે છે. ભક્તિમાર્ગની સાધના એ પ્રેમની સાધના છે. 'મિતાઈ-ગીતિ'માં આ સાધનાનાં સોપાનો નિરૂપાયેલાં છે. આમ મકરંદ દવેમાં પ્રેમનો પર્યાય સુંદરમ્ અને રાજેન્દ્ર કરતાં જુદો છે.

પ્રકૃતિ એ ત્રણેય કવિઓએ નિરૂપેલો કાવ્યવિષય છે. સુંદરમ્‌ની કવિતામાં પ્રકૃતિવર્ણનનાં અનેક કાવ્યો મળે છે. તેમાં કવિનું પ્રકૃતિવર્ણન પરમતત્ત્વ સાથે જોડાઈ જતું જોવા મળે છે. સૂર્ય, ધરા, ઉષા, રાત્રિ, પૂર્ણિમા, વસંત, પ્રભા,પવન ઈત્યાદિ અનેક પ્રાકૃતિક તત્ત્વોને ઉદ્દેશીને પણ કવિએ પોતાના અંતરના અને જગતના અંધકારને દૂર કરી સુંદરતાનું , શાંતિનું, પરમપ્રકાશનું સ્થાપન કરવાની પ્રાર્થનાઓ કરી છે. પ્રકૃતિ કવિને વિસ્મયની અગમ્ય અનુભૂતિ આપી જાય છે. પ્રેમની ઝંખનાનું કોક ઝંઝાનાં ઝાંઝર પહેરી, વસંતની ફૂલમાળ પહેરી, કોકિલની બંસી લઈ, પુષ્પની પાંદડીએ બેસી, પવનના રથ ઉપર ચઢી આવે છે. આમ પ્રકૃતિ કવિને અનેક ગૂઢ અનુભવ કરાવે છે, ભાવસમાધિમાં અવગાહન કરાવે છે.

પ્રકૃતિની રમણીયતા રાજેન્દ્ર શાહ સમક્ષ શુધ્ધ સૌંદર્યરૂપે આવિષ્કૃત થાય છે, મહાન સત્વરૂપે પ્રગટે છે. કોઈ અગમ્ય રહસ્યાનુભૂતિ ભણી દોરી જાય છે. નિરામય આનંદ સાથે ગહનતાનો અનુભવ આપે છે. પ્રકૃતિ એક જીવનસત્વ રૂપે

કવિસંવિદ્ સાથે ઓતપ્રોત બને છે અને એમને ઇન્દ્રિયરાગી ભાવપ્રતીકો કે કલ્પનો યોજવા પ્રેરે છે. આ કવિ પ્રકૃતિનાં ઠેર ઠેર સંવેદનક્ષમ ચિત્રો સર્જે છે. એટલું જ નહીં આ સ્પર્શક્ષમ પ્રકૃતિચિત્રોનું સાયુજ્ય રહસ્યમય ભાવાનુભૂતિને ચરમકોટિએ લઈ જાય છે. કવિ પ્રકૃતિ સાથે તાદાત્મ્ય , તદ્રૂપતા, તન્મયતા, રસરસાયનતા અને અંતે એકરૂપતા -બ્રહ્મમયતાનો અનુભવ કરે છે. 'આરણ્યક'નાં પ્રકૃતિચિત્રો બ્રહ્મમય બનેલા કવિનો સૂક્ષ્મ જગતમાં પ્રવેશ છે. આમ રાજેન્દ્ર શાહ પ્રકૃતિનું સ્થૂળ , રમ્ય વર્ણન કરવા સાથે પ્રકૃતિ સાથેના સંવનનમાંથી ભાવજગતની સિદ્ધિઓને પણ પામી રહે છે.

મકરંદ દવેમાં પ્રકૃતિ વર્ણનનાં કાવ્યો આપણને મળે છે. 'તરણાં' કાવ્યસંગ્રહનું પ્રથમકાવ્ય જ કવિની તૃણપ્રીતિને પ્રગટ કરે છે, જે તેમના અન્ય કાવ્યોમાં પણ અનેક જગ્યાએ જોવા મળે છે. પ્રકૃતિના તુચ્છ ઘાસમાં પણ કવિને વિરાટનો વૈભવ દેખાય છે. 'દાન'માં બપોરનો રુક્ષ જોગી ભિક્ષાપાત્ર લઈને ફરે છે ત્યારે ખાલી જ રહી ગયેલા તેના ભિક્ષાપાત્રને ભરી દે છે ફૂલોની વેલ વચ્ચેથી ગળાતું સરી આવતું પંખીનું એક ધીમું ગાન. કવિને લઘુ-તુચ્છ-ધીમી વસ્તુઓમાં રસ છે. 'મેઘદર્શન'માં કવિને નૂતન મેઘનું દર્શન સાંઈનું દર્શન કરાવે છે. 'સૂરજમુખી'માં સૂરજમુખીનું ફૂલ એમને તપમાં બળી ઝળીને સુવર્ણકાંતિએ નિખરવાનો સંદેશ આપે છે. તેમની કવિતામાં કવિના અમૂર્ત ભાવોને પ્રગટ કરવા પ્રકૃતિનાં કલ્પન-પ્રતીકો એમની મદદે આવે છે. તેમના ગૂઢ સંવેદનોને પ્રગટ કરવામાં પ્રકૃતિનાં તત્ત્વો પ્રતીકાત્મક રીતે નિરૂપાયેલાં જોઈ શકાય છે. આમ સુંદરમ્, રાજેન્દ્ર શાહ અને મકરંદ દવેનાં કાવ્યોમાં પ્રકૃતિકાવ્યો પણ તેમના અધ્યાત્મચિંતનના સ્પર્શને પામી રહે છે.

આપણે આગળ જોયું કે અધ્યાત્મ આ કવિઓની કવિતાનો પ્રધાન સૂર છે. પણ ત્રણેયની આધ્યાત્મિક અનુભૂતિ સ્વતંત્ર છે. સુંદરમ્‌ની કવિતામાંથી સમગ્રતયા જે આધ્યાત્મિક અનુભૂતિ પ્રગટે છે તે કોઈ પણ માધ્યમે કે સ્વરૂપે પ્રગટતી હોય, તેનું પ્રયોજન વિશ્વનો ઉદ્ધાર કરવાનો છે. સુંદરમ્‌ની મોટાભાગની કવિતા અરવિંદદર્શન-પ્રાણિત હોઈ આપણને લાગે કે સુંદરમ્‌ના ચિંતનનો મૂળ સ્રોત અરવિંદદર્શનમાં જડે છે પરંતુ અરવિંદનું દર્શન પણ આપણા સનાતન ધર્મનો જ નવો ઉન્મેષ છે, જેની વિશદતાથી ચર્ચા પ્રકરણ-૨.૩ના દર્શનીય પરિમાણમાં કરેલી છે તેથી પુનરુક્તિ ટાળું છું. રાજેન્દ્ર શાહની કવિતામાં શાંકર અદ્વૈતવાદ અને શૈવદર્શનનો સમન્વય સાધતું કાશ્મીરી શિવદર્શન જડે છે, તો પ્રણયાનુભૂતિને કવિ કામસૂત્ર, નારદીય ભક્તિસૂત્ર અને સૌંદર્યશાસ્ત્રમાંથી સાંપડતા પ્રમાણો મુજબ અધ્યાત્માનુભૂતિની ચરમકક્ષાએ અનુભવે છે. જે બંગાળી બાઉલદર્શનમાં પણ જડે છે. પરંતુ અંતે ઉપનિષદ્‌નિર્દિષ્ટ 'ઓમ' અક્ષરબ્રહ્મમાં વિરમે છે. મહાધર્મને મળતો આવતો બંગાળી બાઉલ મત, મહાધર્મનાં જ ભાગરૂપ નાથપંથ અને સંતવાણીના સહજ જ્ઞાનને મકરંદ પ્રગટાવે છે. આમ ત્રણેયનું અધ્યાત્મ જુદાં જુદાં દર્શનનો સ્પર્શ ઝીલે છે છતાં ય સત્,ચિત્, આનંદરૂપ અનુભૂતિનું સ્વરૂપ તો સમાન જ છે. જોકે કાવ્યમાં નિરૂપિત પ્રધાનતાના ઉપલક્ષ્યમાં આપણે કહી શકીએ કે જે માનવીય ભાવ સુંદરમ્ પ્રભુમાં શોધે છે તે કરુણાનો છે, રાજેન્દ્ર શોધે છે તે આનંદનો છે અને મકરંદ શોધે છે તે પ્રેમનો છે અને એટલે જ મહારસને તેઓ પામે છે તેનું સ્વરૂપ પણ કરુણરસ, આનંદરસ અને પ્રેમરસ અનુક્રમે સુંદરમ્ , રાજેન્દ્ર અને મકરંદ માટે છે. એમની અધ્યાત્મયાત્રાને અંતે થતી સંપ્રાપ્તિનું સ્વરૂપ સુંદરમ્‌માં અતિમનસના અવતરણનું છે. રાજેન્દ્રમાં અક્ષરબ્રહ્મ 'ઓમ'-બિંદુમાંથી ઉત્પત્તિ અને બિંદુમાં જ લયનું છે. મકરંદમાં ચિત્તશુદ્ધિ દ્વારા સ્વરૂપસાક્ષાત્કાર પામવાનું છે, તો તેમની કવિતામાં ઊઠતું

તેમનું વ્યકિતત્વ. સુંદરમ્‌નું સાંપ્રદાયિક છે. રાજેન્દ્રનું પ્રેમીનું છે અને મકરંદનું યોગીનું છે. જોકે આવી વિભિન્નતાઓ તેમની કવિતામાં નિરૂપાયેલી ભાવની તીવ્રતા અને વિપુલતાના સંદર્ભમાં જ છે. અન્યથા પરમની પરમોજ્જ્વલ આનંદઘન. રસઘન અનુભૂતિ સ્વરૂપમાં લય સાધતી ત્રણેય કવિઓની કવિતામાં જોઈ શકાય છે. આમ સુંદરમ્ , રાજેન્દ્ર શાહ અને મકરંદ દવેની કવિતામાં પ્રગટ થતાં પ્રેમ, પ્રકૃતિ અને અધ્યાત્મની ખ્યાલ નોખો નોખો છે. સ્વતંત્ર અને આગવો જ છે. છતાં અનુભુતિનું સામ્ય પણ આપણને જડી આવે છે.

જ્ઞાન.યોગ અને ભકિત ઉપાસનાના ત્રણ માર્ગો છે. સુંદરમ્, રાજેન્દ્ર શાહ અને મકરંદ દવેની કવિતામાં પરમતત્ત્વની પ્રાપ્તિ માટે આ ત્રણેય ઉપાસનાના માર્ગોનો નિર્દેશ મળે છે. ત્રણેય કવિઓ વિદગ્ધ છે. વેદ-ઉપનિષદ્. મધ્યકાલીન ભારતીય સાહિત્ય. પાશ્ચાત્ય સાહિત્ય. અન્ય પ્રાંતીય સાહિત્ય - બંગાળી. હિન્દી. રાજસ્થાની. વ્રજ ઈત્યાદિ -તથા ટાગોર . અરવિંદ ઉપરાંત અનેક સંતો . ભકતો , યોગીઓ અને લોકસાહિત્યના પરિશીલનનો પરિચય આ કવિઓને છે. એ દૃષ્ટિએ જોતાં ત્રણેય કવિઓને જ્ઞાનમાર્ગી સાધનાનો પથ તો સુવિદિત છે. કવિતામાં પ્રગટ થતું તત્ત્વજ્ઞાન તેમની આવી વિદગ્ધતાનું જ પરિણામ છે.

આ ઉપરાંત ત્રણેય કવિઓ સાધક છે. સુંદરમે તો અરવિંદઆશ્રમમાં નિવાસ કરી યોગસાધનાનો માર્ગ સ્વીકાર્યો હતો . તેમનું જીવન અરવિંદના પૂર્ણયોગને સમર્પિત હતું . યોગ દ્વારા ચેતનાનું ઊર્ધ્વીકરણ કરવું અને દિવ્યચેતનાનું અવતરણ કરાવવું એ એમાં લક્ષ્ય હોય છે. આ દિવ્યચેતના જ જગતની કુંઠિતતાને ચૈતન્યથી ભરી દઈ અપૂર્વ સૌંદર્યનું વિશ્વમાં નિર્માણ કરી શકે. 'દીશ'કાવ્યસંગ્રહમાં યોગક્રિયાને અનુલક્ષતાં કાવ્યોનું પ્રમાણ વિશેષ જડી આવે છે.

રાજેન્દ્ર શાહ પણ અર્ધનિમીલિત નયને સ્વપ્નાં જુએ છે, કાં તો સમાધિમાં લીન રહે છે. 'ઈક્ષણા' અને 'મધ્યમા' કાવ્યસંગ્રહો કવિની સાધના પ્રવૃત્તિનાં પ્રત્યક્ષ પ્રમાણો છે. 'ઈક્ષણા' કાવ્યસંગ્રહ તો કવિની સાધક તરીકેની અધ્યાત્મયાત્રાનો આલેખ જ પ્રગટાવે છે. તેમાં સાધના પથની ક્રમિક ચિત્તસ્થિતિ અને અનુભૂતિઓનો આલેખ ક્રમિક અને સળંગ દીર્ઘ રચનારૂપે આલેખાયેલો છે. 'ઈક્ષણા'માં તત્ત્વજ્ઞાનને યોગની તીવ્ર અનુભૂતિમાં પ્રગટ થતું માણી શકાય છે, તો 'મધ્યમા'માં જાગૃત અને નિદ્રિત અવસ્થામાં આધ્યાત્મિક સંવેદનો નિરૂપાયેલાં છે. 'ચંદનભીની અનામિકા'માં ખાંયણા-ગીતોમાં પણ કવિ યોગક્રિયાનાં વર્ણનો આપે છે.

મકરંદ દવે તો સાધક છે જ. 'ગોરજ' કાવ્યસંગ્રહનો ઉઘાડ જ મહાકુંડલિનીને જાગૃત કરવાના કવિના પરાશકિતના આરાધનથી થાય છે. અધ્યાત્મચિંતન એ મકરંદ દવેનો પ્રિય વિષય છે. તેઓ 'યોગપથ' નામના તેમના અધ્યાત્મચિંતનના પુસ્તકમાં સાધનાના વિવિધ પથોનું વર્ણન કરે છે. જેમાં પૃથ્વીની સાધના કર્મમાર્ગની. જલની સાધના પ્રેમમાર્ગની . અગ્નિની સાધના જ્ઞાનમાર્ગની. વાયુની સાધના યોગમાર્ગની અને આકાશની સાધના નિષ્કર્મણ્યતાની સાધના હોવાનું જણાવે છે. આ પંચતત્ત્વોની સાધના અલગ અલગ થઈ શકે છે પણ પાંચેય તત્ત્વો શરીરમાં એકબીજા સાથે ભળેલાં હોઈ એકનો ઉત્કર્ષ થતાં બીજાનો પણ થાય છે. આમ કવિ મકરંદ દવેની કવિતામાં તો આ પાંચેય પ્રકારની સાધનાના નિર્દેશો મળે છે. નિર્મળપ્રેમ અધ્યાત્મમાર્ગની પ્રથમ આવશ્યકતા છે. ચિત્તશુદ્ધિ માટે કવિ દુઃખો. સંઘર્ષો ઈચ્છે છે. 'મિતાઈ ગોતિ'માં પ્રેમમાર્ગની ભકિતસાધનાનાં ક્રમિક સોપાનો વર્ણવેલાં છે, તો

'સંગતિ' પછીનાં કાવ્યો 'અમલપિયાલો'માં મળે છે. તેમાં પ્રાણયોગના નિર્દેશો મળે છે. આમ મકરંદ દવે તો યોગસાધનાના પંથે પળેલા જ છે. આ રીતે સુંદરમ્. રાજેન્દ્ર અને મકરંદ ત્રણેય યોગના માર્ગે સાધના કરે છે પરંતુ સુંદરમ્‌નો અરવિંદનિર્દિષ્ટ પૂર્ણ યોગ છે, જ્યારે રાજેન્દ્ર અને મકરંદનો નાથયોગ છે. જેમાં મંત્ર- લય- રાજ અને હઠનો સમાવેશ થયેલો છે. આમ છતાં રાજેન્દ્રમાં ચિત્તકુંડલિનીના ઉત્થાન દ્વારા પ્રજ્ઞાચક્ષુના ઉન્મીલનની પ્રક્રિયાનો અને મકરંદમાં મૂલાધારસ્થિત કુંડલિનીના ઉત્થાન દ્વારા દિવ્યચક્ષુનું ઉન્મીલન અને પછી પ્રજ્ઞાચક્ષુનું ઉન્મીલન થતું હોવાનું મને લાગે છે. આ રીતે જોતાં રાજેન્દ્રનો અમનસ્કયોગ અને મકરંદનો તારકયોગ કહી શકાય.

ત્રીજી ઉપાસનાનો માર્ગ ભક્તિ- એ પણ સુંદરમ્ , રાજેન્દ્ર તથા મકરંદની કવિતામાંથી સ્ફુટ થતો જોઈ શકાય છે. પ્રાર્થનાઓ તો સુંદરમ્ અને મકરંદની કવિતાનો 'સા' છે. જો કે પ્રાર્થનાઓનું પ્રાચુર્ય સુંદરમ્‌ની કવિતાઓમાં વિશેષ છે. એ અરવિંદદર્શનનો પ્રભાવ છે.

'મેરે પિયા મેં કછુ નહિ જાનૂં
મૈં તો ચુપચુપ ચાહ રહી.
મેરે પિયા તુમ અમ સુહાગી,
મૈં તો પલ પલ બ્યાહ રહી.'

(યાત્રા. પૃષ્ઠ-૧૬૯)

મીરાંની વાણીમાં પ્રગટતાં ગીતો જેવાં સુંદરમ્‌ની કવિતામાં અનેક છે. રાજેન્દ્ર પણ વ્રજમાધુરી રેલાવતાં ભક્તિગીતો તેમના કાવ્યસંગ્રહોમાં આપે છે. 'દ્વાસુપર્ણા'નાં 'કૃષ્ણગીતિ' અને 'અવધૂતી' ખંડો કૃષ્ણભક્તિ અને જ્ઞાનવૈરાગ્યના કાવ્યોને સમાવે છે. મકરંદ દવેમાં પણ ગોપીભાવનાં ગીતો મળે છે. ' સંગતિ'ના પાછળના ભાગમાં 'મિતાઈ-ગીતિ'નો આખો વિભાગ ભક્તિસાધનાનું જ વર્ણન કરે છે. આમ આ કવિઓમાં ભક્તિમાર્ગની ઉપાસના જોઈ શકાય છે. સુંદરમ્. રાજેન્દ્ર અને મકરંદ ત્રણેય નિર્ગુણ અને સગુણ તત્ત્વની ઉપાસના કરતા હોવાનું પણ જણાઈ આવે છે. સામાન્ય રીતે આ કવિઓની શોધ તો નિર્ગુણ અવ્યક્ત માટેની જ છે પરંતુ સુંદરમ્ શ્રી અરવિંદ અને શ્રી માતાજીમાં એનાં સાકાર રૂપને પામી રહે છે. રાજેન્દ્ર ચંદનભીની અનામિકા કે નીલાંજનાનાં કાલ્પનિક રૂપોમાં પોતાની અનુભૂતિને સાકાર કરવા પ્રયત્ન કરે છે અને અંતે ઓમ અક્ષરબ્રહ્મમાં પામી રહે છે, તો પરંપરાગત સગુણરૂપ 'કૃષ્ણગીતિ'માં નીલવર્ણ કૃષ્ણરૂપે મળે છે. મકરંદને પણ સગુણ રૂપ 'મિતાઈ-ગીતિ'માં કૃષ્ણરૂપે જ મળે છે પરંતુ આ કૃષ્ણ દયારામના કૃષ્ણ જેવો વૈયક્તિક નથી, તે તો નરસિંહના કૃષ્ણ જેવું સગુણ પણ વૈશ્વિક રૂપ ધરાવે છે, કાં તો કબીરના અવ્યક્ત જેવું નિર્ગુણ રૂપ ધરાવે છે. આમ જ્ઞાન. યોગ અને ભક્તિના ત્રણેય ઉપાસનાના માર્ગોએ સુંદરમ્. રાજેન્દ્ર શાહ અને મકરંદ દવેની કવિતા અધ્યાત્મપ્રાપ્તિ કરતી વિહરે છે. તે સ્પષ્ટતઃ જોઈ શકાય છે.

આ ત્રણેયની અધ્યાત્મકવિતામાં સહજગમ્ય તત્ત્વ છે તેમાં પ્રગટતી રહસ્યમયતા. આ કવિઓની કવિતામાં રહસ્યવાદનો અણસાર આરંભથી જ મળી રહે છે. રહસ્યવાદ એ કોઈ પ્રતિપાદિત સિદ્ધાંત કે સુયોજિત ફિલોસોફી નથી, તે તો એક મિજાજ. સ્વભાવ કે પ્રતિભાવ છે. રહસ્યવાદી એવું માને છે કે આ ઇન્દ્રિયગ્રાહ્ય ભૌતિક જગતની અંદર કોઈક દિવ્ય સત્ય છુપાયેલું છે પરંતુ તે એના અનુભવનું યોગ્ય રીતે બુદ્ધિ અને તર્ક દ્વારા મૂલ્યાંકન કરી શકતો નથી. આથી આ કવિઓ માટે કવિતાનું માધ્યમ સફળ પુરવાર થાય છે. બુદ્ધિગમ્યતાની પેલે પાર રહેલા સત્યના આધ્યાત્મિક દર્શનમાં

કવિતા જ કારગત નીવડે છે. રહસ્યવાદી કવિતા એટલે ઇન્દ્રિય અને તર્કબુદ્ધિથી પામી ન શકાય તેવા સત્યને પ્રગટ કરતી કવિતા. બીજા શબ્દોમાં કહીએ તો રહસ્યવાદ એ અનુભવ, શ્રદ્ધા અને અંતઃસ્ફુરણાની બાબત છે. આ ઉપરાંત એક રહસ્યવાદી પ્રકૃતિમાં પ્રચ્છન્ન દિવ્યતાના અસ્તિત્વથી માત્ર સભાન જ નથી હોતો, પરંતુ વ્યક્તિ, પ્રકૃતિ અને પ્રભુ વચ્ચેના આવશ્યક અસ્તિત્વની પહેચાનની પણ તેને પરખ હોય છે. સમગ્રમાં એકત્વ - the oneness of all - માં શ્રદ્ધા એ રહસ્યવાદનો મુખ્ય મુદ્દો છે. આ રીતે જોતાં સુંદરમ્, રાજેન્દ્ર અને મકરંદ ત્રણેય નિશ્ચિતપણે રહસ્યવાદી કવિઓ છે.

સુંદરમ્‌ની કવિતામાં પ્રગટતી રહસ્યમયતાને સમવાયી રૂપે આલેખવી હોય તો કહી શકાય કે કવિ આ વાસ્તવ જગતની પેલે પાર એક ઇન્દ્રિયાતીત જગતનો અનુભવ કરે છે. એ અમૂર્ત જગતની સુંદરતા એમને આકર્ષે છે અને એમનું મન ત્યાં પહોંચવા તલસી રહે છે. વાસ્તવિક જગતની જડતાને હરીને કુંઠિત જગતની પ્રસુપ્ત ચેતનાને ઝંકૃત કરીને તેને સત્ય અને શીલના માર્ગે વાળવા અને એ રીતે વાસ્તવિક જગતને ય પોતાની કલ્પનાના વિશ્વ જેવું સુંદર બનાવવાની કવિને ઇચ્છા છે. એમના ઇન્દ્રિયાતીત અનુભવોની ઉત્કટતા અને પરાકાષ્ટા 'યાત્રા' પછીના 'વરદા' અને 'મુદિતા' કાવ્યગ્રંથો માં જોવા મળે છે. પુષ્પની પાંદડીએ બેસીને આવતા કોકનો અણસાર જે વિસ્મય 'વસુધા'માં આપે છે તે 'વરદા'ના 'પુષ્પ થઇ આવીશ' સુધી પણ જળવાઇ રહ્યો છે અને 'મુદિતા'માં 'દરવેશ' સુધી લંબાયેલો છે. એમના ચિત્ત ઉપર સવાર થઈ કવિના જે અગમ્ય ભાવલોકમાં આપણે પણ અવગાહન કરીએ છીએ તે સાથે જ આહ્લાદક અને અપાર વિસ્મયપ્રેરક છે. જે કોઇએ નથી જોયું તેવું અદ્ભુત જોયાનો આનંદ કંઇ ઓછો નથી હોતો. પહેલાં જે પ્રકૃતિ કવિના ચિત્તના ભાવોને પ્રગટ કરવાનું માધ્યમ બનતી હતી, તે જ પ્રકૃતિ હવે અલૌકિક જગત સુધી પહોંચાડનાર સાધન બને છે. તેજના તોખાર પર કે પતંગિયાની પાંખ પર કે પવનની પાવડી પર કવિ અલૌકિક લોકની યાત્રા કરે છે.

રાજેન્દ્રની કવિતામાં રહસ્યમયતા એક ધ્યાનાકર્ષક તત્ત્વ લેખે પ્રગટે છે. કવિનું પ્રકૃતિ સાથેનું સંવનન એમને ગૂઢ રહસ્યમય અનુભૂતિઓ કરાવે છે. તેઓ અંધકારમાંથી રહસ્યના પ્રાગટ્યને પામે છે. અંધકારનું કવિ ચલ, અચલ, આકારશૂન્ય, સ્પષ્ટરેખ, સ્થિર કે ધસમસતા વિવિધરૂપોમાં વર્ણન કરે છે. અંધકારના સૌંદર્ય સાથે એની દુર્ભેદતા અને ભાર પણ કવિ અનુભવે છે. આ અંધકાર કવિને સ્વ-રૂપની ઓળખ આપે છે. કવિ સમાધિમાં કે અર્ધનિમીલિત નયને સ્વપ્નામાં પણ અવનવા રહસ્યમય અનુભવો કરે છે. એમની કવિતા અનોખા ભાવવિશ્વને જન્માવતી હોવાની આપણને પ્રતીતિ કરાવે છે.' મધ્યમા' કાવ્યસંગ્રહ તો આખોય કવિની રહસ્યમય અનુભૂતિઓનો દસ્તાવેજ છે. એના પ્રથમ ખંડ 'દૈનંદિની' માં રોજિંદી સામાન્ય ઘટનાને સહારે સુધામય ચાંદની અને સમયની પેલે પાર પહોંચી જવાની રહસ્યમય આધ્યાત્મિક અનુભૂતિનું આકર્ષણ પ્રગટે છે, તો બીજા ખંડ' નિદ્રિત નયને'માં કવિની ઇપ્સાનો સ્વપ્નલોક ઊઘડે છે. આ અનંતની અનુભૂતિનો સ્થળ, કાળ, દિશાઓ કે ગતિથી શૂન્ય આભામય પ્રદેશ છે જ્યાં કશુંક માત્ર અનુભવગમ્ય, અસ્પર્શ્ય આનંદમય અને ચૈતન્યસભર છે. કવિની ભેજો સ્વરસાથે અનુસંધાન કરતી, અણજાણ અને અગમ્યનો સંપર્ક શોધતી મનઃસ્થિતિમાં રહસ્યમાર્ગી વલણ દેખાય છે. સ્વનો શૂન્યરૂપે, અનંતરૂપે, સર્વરૂપે, પૂર્ણરૂપે કવિએ કરેલી અનુભૂતિ અનેક ઉત્તમ રહસ્યવાદી કાવ્યો આપે છે. બંગાળી - હિન્દી કવિતામાં વ્યાપક બનેલા અંતર્મુખ કવિના રહસ્યમાર્ગી વલણને રાજેન્દ્ર ગુજરાતીમાં ઉતારે છે.

મકરંદ દવે સામાજિક પ્રવૃત્તિઓથી અલિપ્ત સાધના અને લેખન જેવી લોકો માટે નકામી ગણાતી પ્રવૃત્તિઓમાં જ ડૂબેલા છે. તેમનો જીવ પરિવ્રાજકનો છે. સતત કંઈક રહસ્યમય શોધમાં ડૂબેલા તેઓ કવિતામાં શબ્દના ઊંડાણને મૌનનો મર્મ દર્શાવતી અભિવ્યક્તિ આપે છે. અનહદના આરાધક અવધૂતની મસ્તી અને સાધનાની સિદ્ધિ તેમની કવિતામાં પડઘાય છે. તેઓ યોગના માર્ગે હૃદયગ્રંથિભેદ પામી દેહભાવને ભૂલી સૂક્ષ્મ જગતના અનુભવો કરે છે. આ અનુભવોમાં કવિ સહજ જ્ઞાન પ્રાપ્ત કરે છે તેમના પૂર્વજન્મનાં સંસ્કારો અને સ્થિતિનું જ્ઞાન પણ કવિ યોગના માર્ગે રહસ્યમય રીતે પામે છે. જેની પ્રતીતિ તેમનાં કાવ્યો કરાવે છે. 'સંગતિ'માં અંતિમ કાવ્ય 'સંગતિ' એનો પુરાવો છે. કોઈક અગમ્ય અદીઠની શોધમાં લાગ્યા રહેતા કવિ પરમતત્વના દર્શનની તૃપ્તિ પામે છે, આનંદમાં લીન બને છે, અમૃતરસનું પાન કરે છે. આમ સુંદરમ્, રાજેન્દ્ર અને મકરંદની કવિતામાં રહસ્યમયતા એ એક ધ્યાનાકર્ષક તત્વ બની રહે છે. ત્રણેય કવિઓ ઇન્દ્રિયાતીત અનુભવો કરે છે પરંતુ સુંદરમ્ અને રાજેન્દ્રની કવિતામાં પ્રકૃતિના માધ્યમે પ્રગટતી અને અનુભવાતી રહસ્યમયતા અને ભાવવિશ્વના કલ્પનોડ્ડયનો મળે છે તેવા મકરંદની કવિતામાં મળતાં નથી. સુંદરમ્‌ના આવા અનુભવો શ્રી અરવિંદ અને માતાજીના વિચારો અને તેમના તરફના કવિના ભક્તિભાવને પણ અનુલક્ષે છે, જ્યારે રાજેન્દ્રનું ભાવવિશ્વ વિશેષતઃ આત્મરતિની કક્ષાએ પહોંચતું જણાય છે. મકરંદમાં રહસ્યમયતા—ગૂઢ અનુભવો યોગનિષ્ઠ છે. ભાવવિશ્વનું કલ્પનાઉડ્ડાન સુંદરમ્-રાજેન્દ્ર જેવું અને જેટલું નથી.

સુંદરમ્ રાજેન્દ્ર અને મકરંદની કવિતામાં જીવન પ્રત્યેનો વિધેયાત્મક અભિગમ દેખાય છે. તેઓ અશ્રદ્ધા અને વિસંવાદનાં ગીતો ગાતા નથી પરંતુ સંઘર્ષમાં ય શ્રદ્ધા અને સંવાદના સૂરો વહાવે છે. નિરાશા અને વિદ્રોહને બદલે વિશ્વસૌંદર્યના શુભ સંકલ્પો વ્યક્ત કરે છે. સુંદરમ્‌ની કવિતાનો પૂર્ણતઃ અભ્યાસ કર્યા પછી આપણને લાગે છે કે કવિને સમાજની પીડાની સંપ્રજ્ઞતા છે. દુઃખોમાંથી છૂટવાની મથામણ છે. જગતને આવા અંધકારમાંથી મુક્તિ અપાવવાની અભીપ્સા છે પરંતુ તેઓ ક્યારેય નિરાશા કે અશ્રદ્ધાનાં ગીતો ગાતા નથી પણ તેનો ઉચ્છેદ કરી પ્રભુના સત્ય-શિવ-સુંદર રૂપનું સ્થાપન કરે છે. જો કે તેમની પ્રથમ તબક્કાની કવિતામાં 'ગરીબોનાં આંસુ ' અને જીવનની નિષ્ફળતા - વિફલતાથી કવિ ભાંગી પડે છે. ક્યારેક પલાયનવાદી અને મરણિયા પણ બને છે પરંતુ પ્રભુની શરણાગતિની પ્રાર્થનાઓ તેમના શ્રદ્ધાના દીપકને બૂઝવા દેતી નથી. સર્વરસો સુકાઇ જતાં શ્રી અરવિંદના શરણમાં ગયા પછી તો કવિ આશાનાં જ ગીતો ઉમંગભેર ગાયે જાય છે.

રાજેન્દ્રની કવિતામાં પણ વિધેયાત્મકતા એ પ્રધાન ગુણ છે. ગાંધીયુગની સાહિત્યપરંપરાથી ઊફરા ચાલી કવિ નિજની કેડી કંડારે છે અને સંવાદના સૂરો લઈને આવે છે. વિરોધ કે નિષેધનો કોઈ અંશ તેમની કવિતામાં પ્રગટતો નથી. એમના નેત્રો વિસ્મયવિસ્ફારિત છે. કાં તો અર્ધનિમીલિત રહીને શમણાં જુએ છે. રસ-સૌંદર્ય અને સંવાદની સૃષ્ટિની ખેવના તેમની કવિતામાં પ્રગટે છે. તેઓ પ્રકૃતિ સાથે પૂર્ણ સંવાદ - તાદાત્મ્યની પળોમાં જ રહસ્ય- દર્શન પામે છે. એમનું દાંપત્ય જીવન પૂર્ણ સંવાદથી સભર છે. સુંદરમ્‌ના 'વસુધા'નાં કાવ્યોમાં આપણને કરૂણ રસ દેખાય છે તેવો રાજેન્દ્રમાં દેખાતો નથી. વિષમતા, નિષ્ફળતા કે વિફલતાના સૂરોને બદલે તેમની કવિતા પ્રસન્ન દાંપત્યના, પ્રણયમસ્તીના તૃપ્તિકર ઓડકારનો અનુભવ આપે છે. પ્રકૃતિ, પ્રણય અને અધ્યાત્મક્ષેત્રે કવિ પૂર્ણ અદ્વૈત અનુભવે છે. જીવનનો ઉલ્લાસ અને આત્માનો આનંદ પ્રગટાવતાં એમનાં કાવ્યો કેવળ સભરતાનાં દ્યોતક છે. 'વિષાદને સાદ'માં

આધુનિક જગતની સર્વવ્યાપી વિચ્છિન્નતાનું તેઓ નિરૂપણ કરે છે અને સાથે સાથે એના નિરાકરણનો ઉપાય પણ સૂચવે છે. કવિ અલગ અલગ કેન્દ્રમાં રહેલાં ' હું'ને એકમાં કેન્દ્રસ્થ થવા સાદ કરે છે. આમ આશાવાદી અને શુભવાદી છે. તેમની કવિતા સામંજસ્ય-સમાધાન અને તેમાંથી જન્મતા આનંદની કવિતા છે. એકલતા, વિચ્છિન્નતાનો જે વિષાદ એમને છે તે હતાશા કે અશ્રધ્ધા જન્માવતા નથી . એમનો અદ્વૈતનો આશાબંધ અતૂટ છે અને સરવાળે એ જ પ્રગટ થાય છે. જડ-ચેતન તમામ સાથે હ્રદયસંવાદ સાધવાનો એમનો સ્થાયી મિજાજ એમની કવિતાને એક આગવું વાતાવરણ અને વ્યકિતગતતા બક્ષે છે. આધુનિકોની પેઠે તેમની કવિતા વિદ્રોહની કવિતા નથી. સૌંદર્યલુબ્ધ હોવા સાથે આ કવિ સંવાદલુબ્ધ પણ છે, જે તેમની કવિતાને વિધેયાત્મકતા બક્ષે છે.

સુંદરમ્ અને રાજેન્દ્રની જેમ મકરંદની કવિતા પણ વિધેયાત્મક વલણ દાખવે છે. કવિ દુઃખની નદીને કિનારે ઊભા રહીને પણ જીવનનું જયગાન સર્જે છે. સમાજથી દૂર રહીને પણ સામાજિક સંપ્રજ્ઞતા એમને પોકે છે. સમાજના દંભ અને સ્વાર્થ પ્રત્યે એમને રોષ છે પણ પોતાના વિરોધને સહજતાથી -હળવાશથી પ્રગટ કરતાં સંવાદના પ્રેમલમધુર સૂરો પ્રગટાવે છે.

'વજન કરે તે હારે રે મનવા!
ભજન કરે તે જીતે.'(સંજ્ઞા.પૃષ્ઠ- ૧૦૧)
'નોટને સિક્કા નાખ નદીમાં.
ધૂળિયે મારગ ચાલ.'(અમલપિયાલી, પૃષ્ઠ-૫૧)

જેવા સંવાદબોધનો ટકોર માત્ર કરતા કવિ પોતાની નિજકેડીએ ચાલી જાય છે. સહજ-પ્રેમ એમનાં કાવ્યોમાં ઉદાત્ત સ્વર છે. નિર્મલ પ્રેમની ગંગા વહાવવી અને મમાળા માનવોના હેતને પામવું એ જ જીવનની ધન્યતા છે. એમની મસ્તી અને જિંદાદિલી જીવન પ્રત્યેના વિધેયાત્મક અભિગમને પ્રગટ કરવામાં નોંધપાત્ર બની રહે છે. સંઘર્ષોને પાર કરી જઈ જીવનનું જયગાન ગાવાનો અને દુઃખો -પીડાઓ સહી સહીને, બળી બળીને તપથી તપીને સુવર્ણકાંતિએ હ્રદયપુષ્પને ખિલવવાનો માર્ગ તેઓ સૂચવે છે. પ્રભુ ઉપરનો ભારોભાર ભરોસો એ તો એમના પ્રત્યક્ષ જીવનનું લક્ષણ છે. જીવનમાં આજીવિકાની ય જેને ચિંતા નથી એવા કવિની શ્રધ્ધા અને વિશ્વાસ વિષે તો કહેવું જ શું ? ગમે તેવી જીવનની કપરી પરિસ્થિતિમાં પણ આગળ ધપવાનું જોમ અને ગમે તેવી સ્થિતિમાં સુખ માણવાની વૃત્તિ કવિના જિંદાદિલ સ્વભાવને પ્રગટ કરે છે. આમ આપણે જોઈ શકીએ છીએ કે સુંદરમ્, રાજેન્દ્ર અને મકરંદ દવેની કવિતામાં વિધેયાત્મક અભિગમ જ પ્રગટતો જણાય છે.

વિશ્વકલ્યાણ અને સર્વોદયની ભાવનાનો પુરસ્કાર પણ આ કવિઓની કવિતામાં ઓછાવત્તા અંશે જોવા મળે છે. સુંદરમ્‌ની કવિતાની તો એ લાક્ષણિકતા જ છે. રાજેન્દ્ર અંતર્મુખ કવિ વધારે હોવા છતાં 'વિષાદને સાદ'માં વિશ્વમાં સંવાદ માટે એક કેન્દ્રમાં કેન્દ્રસ્થ થવા સૌને સાદ કરે છે. મકરંદ દવેને તો વિશ્વમાંગલ્યનું ગાણું જ મુખે ગુંજતું રાખવું છે. સુંદરમ્‌ની આધ્યાત્મિક કવિતાની એ લાક્ષણિકતા છે કે કવિએ પોતાના એકલા માટે પ્રભુ પાસે કયારેય કશું માગ્યું નથી અને માગ્યું છે તે પણ વિશ્વને ચરણે ધરવા કામ લાગે એવા ઉદાત્ત હેતુથી જ માગ્યું છે. સમાજની કરુણતાઓને દૂર કરવા અને દૂષણોને શમાવી સુંદરતાનું સર્જન કરવાનું સ્વપ્ન તો કવિનું એમના પ્રારંભિક સર્જનકાળથી રહ્યું છે. જગતની તમસલીલાને સમાવી, ચૈતન્યપ્રકાશનું સંક્રમણ કરવાની ઈચ્છામાં વિશ્વકલ્યાણની -સર્વના ઉદયની સંકલ્પના સમાયેલી છે. અન્ય સાધકો, સંતો

કે ભકતોની જેમ પ્રભુ પ્રત્યેની એકનિષ્ઠ ભકિતથી પ્રભુને પોતાના માટે ઝંખતા નથી પરંતુ પ્રભુનો ઉધ્ધાર કરવા , ગંગાનું અવતરણ કરાવવા તપસ્યા કરતા ભગીરથની જેમ એમની સાધના પણ વિશ્વના કલ્યાણ માટે જ છે. એમણે ઊર્ધ્વગમન કરવું છે પણ એકલાએ નહિ. એક વ્યકિત, એક ગામ કે એક દેશને સાથે લઈને નહીં, સમગ્ર ભૂખંડને બાથમાં લઈને ઊંચે ચઢવું છે. એમની આરત જગતના જડ-ચેતન સર્વ તત્ત્વોને પ્રભુ શરણમાં લઈ જવાની છે. પછી તે ધૂળથી ખરડાયેલું પુષ્પ હોય કે જડ કાંકરા હોય કે વિશ્વની કુત્સિતતા હોય. કવિની આધ્યાત્મિકતા માત્ર આત્માનું કલ્યાણ ઈચ્છતી સ્વાર્થી ભૂમિકાવાળી નથી. પ્રથમથી જ તેમની કવિતામાં પરદુઃખ-ચિંતનની પીડાઓ જ પ્રગટતી રહી છે. કોઈ સારી પરિસ્થિતિની સાપેક્ષમાં કવિએ પોતાના દુઃખને રડવાનો પ્રયત્ન કર્યો નથી. પરંતુ વિશ્વનાં દુઃખો માટે જ કવિચિત્ત હંમેશાં દુઃખી અને ચિંતિત રહ્યું છે. ભૂમિના નવા જન્મની રટણા કરતાં 'યાત્રા'માં 'હું ગાન ગાઉં ' કાવ્યમાં કવિ કહે છે --

'તેનાં હું ગાન ગાઉં પલપલ રટતો ભૂમિનો જન્મ નવ્ય
ઊંચા ચૈતન્ય વેગે સમુદિત ભમતો ભાળતો ભાવિ ભવ્ય.'(યાત્રા.પૃષ્ઠ-૧૫૪)

આમ સુંદરમ્‌ની આધ્યાત્મિકતા વ્યકિતનિષ્ઠ નહીં સમષ્ટિનિષ્ઠ છે. એમની નિષ્ઠા આત્મા કરતાં સમષ્ટિ માટે સવિશેષ છે. આ રીતે આત્મકલ્યાણના માર્ગે નહિ પરંતુ જગકલ્યાણના માર્ગે જ એમની આધ્યાત્મિકતા વિકસી છે.

રાજેન્દ્રની કવિતા પરંપરાથી ઊફરી જઈ નિજી કેડી કંડારતી અંતર્મુખ કવિના વિશિષ્ટ ભાવવિશ્વને મહદ્ અંશે રજૂ કરે છે. કવિ પ્રણય- પ્રકૃતિના રસમાધુર્યને માણવામાં જ નિમગ્ન છે. એમની ધ્યાન નિંદ્રામાંથી જાગે છે અને વ્યવહાર જગતની - વાસ્તવિકતા જુએ છે ત્યારે 'વિષાદનો સાદ 'તેઓ પ્રગટાવે છે, જેમાં આધુનિક જગતની સર્વ વ્યાપ્ત વિચ્છિન્નતાનું નિરાકરણ આપતા હોય એવું એક અત્યંત મહત્ત્વાકાંક્ષી નિવેદન કરે છે. જેમાં કવિ સમાજના વિચ્છિન્ન બિંદુઓને એકમાં કેન્દ્રિત થવાનો માર્ગ સૂચવે છે. એક વ્યકિતને એક વ્યકિત સાથે, સમાજ સાથે , સમગ્ર વિશ્વ પ્રકૃતિ સાથે સાંકળવાનો અને સંગતિમાં રહેવાનો સાદ કરે છે. વિશ્વની વિચ્છિન્નતાનું કારણ પ્રત્યેક ' હું 'ના અલગ અલગ કેન્દ્રીકરણમાં કવિ જુએ છે. આ બધાં અલગ અલગ કેન્દ્રોને એક કરવામાં આવે તો વિચ્છિન્નતાનો હલ જડે. આમ કવિ સમગ્ર વિશ્વના સંવાદની ભાવના સેવે છે. જેમાં વિશ્વના કલ્યાણની ભાવના આપણને જોવા મળે છે. કવિ માને છે કે સતત ગતિશીલ વિશ્વમાં જે શકિત, આનંદની ખોજ સૌને એક બીજાથી દૂર લઈ જતી જણાય છે. એ જ એમને એકબિંદુ પર લાવનારી પણ બની રહે છે. આમ રાજેન્દ્રની કવિતા પણ જ્ઞાન, યોગ અને ભકિતની ઉપાસનાના ત્રણેય માર્ગે વિહાર કરતી આત્મકલ્યાણ સાથે વિશ્વકલ્યાણની પણ ચિંતા કરે છે અને તેનો હલ સૂચવે છે. વ્યકિતની સમષ્ટિ સાથે સંવાદિતામાં આત્મકલ્યાણનો માર્ગ છે અને સમષ્ટિના પરસ્પર સંવાદમાં જ વિશ્વકલ્યાણનો માર્ગ છે. કવિની સમગ્ર કવિતામાં વ્યકિતચેતનાનો સકલમાં વિસ્તાર અને અનંત ચેતનાનો માનવ ઉરમાં આવિર્ભાવ પરમ આનંદ અને મુકિત અપાવે છે. એ જ આત્મકલ્યાણ અને વિશ્વકલ્યાણને ઉપકારક છે. મકરંદ દવે પણ આત્મકલ્યાણ સાથે વિશ્વકલ્યાણનો વિચાર કરે છે. તેમની કવિતાનું પ્રારંભિક કાવ્ય 'તરણાં' સંગ્રહનું પ્રથમ કાવ્ય 'સૌંદર્યનું ગાણું' છે. જગતમાં સૌંદર્ય પ્રગટ કરવાના કવિના શુભ સંકલ્પો અહીં પ્રગટે છે. કવિ કહે છે --

'પ્રેમ પ્રફુલ્લિત કોયલ સ્વરે ,
આ વિશ્વના માંગલ્યનું ગાણું મુખે મારે હજો !'(તરણાં.પૃષ્ઠ-૧)

એમને પ્રેમ, આનંદ અને વિશ્વના માંગલ્યમાં શ્રદ્ધા છે. આત્મકલ્યાણના પ્રયાસરૂપે પ્રેમનો માર્ગ જ એમને જડે છે. દુઃખ, પીડા ઉપર ઔષધ બની આવતા પ્રેમનો શીતળ સ્પર્શ જ વિશ્વમાંગલ્યના સંકલ્પને સાકાર કરી શકે. પ્રભુ સાથેના એકતારાના સંધાને ઊંડો ગુંજને સાંભળવા યોગસાધનાનો માર્ગ તેઓ અપનાવે છે. પણ એમને તો ગમતાનો ગુલાલ કરવાનું ગમે છે. પોતે જે પ્રાપ્ત કર્યું છે તેને વહેંચવામાં રસ છે. એટલે જ સમાધિના માર્ગે જે ઉપલબ્ધિ થાય તેને જગના કલ્યાણ માટે વહેંચવા માગે છે. યોગથી જગકલ્યાણ માટે સમાજથી દૂર સાધના કરીને પણ વિશ્વ માટે કલ્યાણના સંકલ્પો સિદ્ધ કરી શકાય છે એવા વિચારમાં તેઓ પૂર્ણ શ્રદ્ધા ધરાવે છે. વિશ્વ-માંગલ્યની કામના કરતા સૌંદર્યના ગાનને સદા હોઠે રહેવાની પ્રાર્થનાથી જ તેમની કાવ્યયાત્રાનો પ્રારંભ કર્યો છે. આત્મકલ્યાણાર્થે યોગના માર્ગે પળેલા સાધકને શ્રદ્ધા છે કે પ્રકૃતિના બળે અસ્ત્ર રહીને ખુલ્લાં ખેતર જેવું તેમનું મન આકાશી તત્ત્વો તળે ચત્તુંપાટ સુષુપ્તિમાં પડી રહીને પણ શાંત નિસ્પંદમાંથી ધરા પર ઉથલપાથલ સર્જી શકશે. 'સંજ્ઞા'માં 'ખુલ્લાં ખેતર જેમ'–માં તેઓ આ વિચાર વ્યક્ત કરતાં કહે છે કે અદૃશ્ય સાથીની નિત્ય સહાયથી તપસાધના દ્વારા પૃથ્વી પર અવનવાં સૌંદર્યો સર્જી શકશે. વિશ્વમાં સૌંદર્ય સિદ્ધિની કવિની કલ્પનામાં બધે પાતાળપાણી ખળખળશે. સૂર્ય ભૂમિને ખેડશે અને ચંદ્ર આનંદની વાવણી કરશે. આખો સીમ ભરી લુમતો મોલ --પ્રેમ-આનંદનો --વધશે. માટે સાક્ષાત્ જીવનને એ કાર્યમાં જોડાવા તેઓ આહ્વાન કરે છે. થોડેલાં થરથર ખુલ્લાં કરી ઝંઝાવાત ભલે વિંઝાય. ડર્યા વિના અંગ ઉપરનાં ઉપરણાં નવાં નવાં રંગે રંગવાને બદલે જે છે તે જ રંગ ગ્રહણ કરવા. વિષયરૂપી ઝાંઝવા સામે જોયા વગર નિરાવરણની ભભૂતિ શરીરે ચોળી ખુલ્લાં ખેતરોની જેમ નિશ્ચલ ખરી મંઝિલે પહોંચવા અનુરોધ કરે છે. વિશ્વ માંગલ્ય માટેની કવિની આ સાધના પ્રશસ્ય છે. વિશ્વસૌંદર્યની તેમની કામના અવિરત છે એનું અહીં પ્રમાણ સાંપડે છે.

આમ ત્રણેય કવિઓમાં આપણને વિશ્વકલ્યાણની ભાવના જોવા મળે છે પરંતુ વિશ્વનું કલ્યાણ કરવા માટે સૌંદર્ય પ્રગટાવવાની વિધિ ત્રણેયમાં જુદી જુદી છે. સુંદરમ્ જડતા અને કુંઠિતતા દૂર કરવાથી જગતનાં દુઃખો દૂર થઈ શકે એમ માને છે. આથી દિવ્યચેતનાના અવતરણથી જગતને ચૈતન્યસભર કરવા વિશ્વને સાધનાને પંથે પળવા કહે છે. દિવ્યતાનું અવતરણ વિશ્વને દુઃખમુક્ત અને સુંદર બનાવી શકશે. રાજેન્દ્ર અલગ અલગ કેન્દ્રમાં રહેલા આપણા અસ્તિત્વને એકમાં કેન્દ્રસ્થ કરવાની વાત કરે છે પરંતુ સકલની સંગે સહુને વિલસી રહેવાનો સંવાદિતાનો માર્ગ તો યોગ-સાધનાનો જ છે. મકરંદને યોગમાં વિશેષ શ્રદ્ધા છે. વિશ્વમાં સૌંદર્ય પ્રગટાવવા સહજના કિનારે પ્રેમની ગંગા વહાવતાં યોગ-સાધનાથી ચિત્તના પ્રસ્પંદ દ્વારા જગતમાં કલ્યાણ-સૌંદર્ય લાવવાનો કવિ નિર્દેશ કરે છે. આમ ત્રણેય કવિઓ સાધનાના માર્ગે જ સત્યમ્, શિવમ્, સુંદરમ્‌નો સંકલ્પના જે બ્રહ્મના લક્ષણોની છે તેને જ વિશ્વ માટે સાકાર કરવાના સંકલ્પો પ્રગટાવે છે. આ રીતે પૂર્ણતાની પ્રાપ્તિ પછી સુંદરમ્ બુદ્ધની જેમ ધર્મપ્રચાર કરવા નીકળે છે. વિશ્વકલ્યાણ માટે શ્રી અરવિંદે પ્રબોધેલો માર્ગ અનુસરવો જરૂરી હોવાનું સુંદરમ્ જણાવે છે. રાજેન્દ્ર પૂર્ણતાને પામીને નિજાનંદની મસ્તીમાં સમતા- સામરસ્યની અવસ્થામાં જીવન જીવે છે. પોતાના કર્તૃત્વને ત્યજી અગમ્ય તત્ત્વની યોજના મુજબ જ જીવન જીવવાનું તે સ્વીકારે છે. તેમને તો મોક્ષ મેળવવાની પણ અભીપ્સા નથી. તેઓ માને છે કે એકમાંથી અનેક બનવાનો સંકલ્પ કરી જેણે સર્જન કર્યું છે તે જ એનામાં ભળતી દેવાનું

પણ ઇચ્છશે.[1] એ બ્રહ્મ આપણને તેમનામાં ભેળવી દે એવી ઇચ્છા કરનાર આપણે કોણ ? ઐશ્વર્યને પામી પૃથ્વી ઉપર એ ઐશ્વર્યને પ્રભુ ઇચ્છે ત્યાં સુધી ભોગવતા રહેવા દેવાનું કાર્ય તેમનું છે, તો મકરંદ દવેમાં પરમતત્ત્વમાં ભળી જવાની , અશેષ બની જવાની, જન્મમરણના ફેરામાંથી છૂટી જવાની . મૃત્યુને ય જીતી જવાની ઇચ્છા સાથે યોગ સમાધિના ચૈતસિક આંદોલનોથી સંકલ્પ બળે વિશ્વકલ્યાણ કરવાની પણ ઇચ્છા છે. સુંદરમ્ માટે મોક્ષનો ખ્યાલ જડતા-દુઃખોમાંથી મુક્તિ, રાજેન્દ્ર માટે દુઃખ-મોહમાંથી મુક્તિ અને મકરંદ માટે મોક્ષ એટલે આત્માનાં બંધનોમાંથી મુક્તિ હોવાનું મને જણાય છે.

સુંદરમ્ અને રાજેન્દ્રની કવિતામાં સ્વરૂપ- શૈલીનું અપાર વૈવિધ્ય જોવા મળે છે. તેમની કવિતામાં છંદોબધ્ધ કાવ્ય ઉપરાંત ગીત, ગઝલ, હાઇકુ, મુક્તક, ખાંયણા, ભજન, પધનાટિકા ઇત્યાદિ અનેક પ્રશિષ્ટ અને લોકશૈલીના પ્રયોગો જડે છે. મકરંદે પણ છંદોબધ્ધ સોનેટ રચનાઓ આપી છે પરંતુ લોકગીત- ભજનપરંપરાના ગીતોમાં અને ગઝલમાં તેમનું ખેડાણ સવિશેષ છે. સંગીતમયતા ત્રણેય કવિઓમાં ધ્યાનાકર્ષક તત્ત્વ છે. આ કવિઓની કવિતાના રસકીય પરિમાણ અંગે આપણે અગાઉ વિચાર કરી ગયાં છીએ. સંગીત તત્ત્વ એ સુંદરમ્, રાજેન્દ્ર અને મકરંદની કવિતાનું કમનીય પાસું છે. સુંદરમ્નાં મધુર પ્રાર્થનાગીતો શાળાઓમાં, સમારંભોમાં અને શિબિરોમાં ગવાય છે. જુદા જુદા રાગોનું નિરૂપણ કરતાં, રાગિણીઓનાં લક્ષણો પ્રગટાવતાં સોનેટો 'યાત્રા'માં કવિએ આપ્યાં છે. જેમાં તિલક કામોદ, કેદાર , દુર્ગા, દરબારી, માલકૌંસ, શંકરા અને દેશી રાગોનો સમાવેશ છે, તો 'પલ્લવિતા'માં જુદા જુદા શાસ્ત્રીય રાગો માટે ગીતો આપ્યાં છે. જેમાં ખમાજ, ભીમપલાસ, ભૈરવી, સારંગ જેવા રાગોમાટે કવિએ ગીત રચનાઓ આપી છે. સપ્તરાગ સોનેટ-રચનાની ભૂમિકા સમજાવતાં સુંદરમ્ લખે છે કે ભારતીય સંગીતનાહરેક રાગની પાછળ એક વ્યક્તિત્વ , એક વાતાવરણ, એક રસ રહેલો છે. બેશક, સંગીત જેવી સૂક્ષ્મ વસ્તુના સંવેદનોનું સ્વરૂપ તર્કની રીતે નિયમબધ્ધ ભાગ્યે જ થઇ શકે . ગાનાર અને સાંભળનારની સર્જકતા અને ગ્રાહ્યતામાં રહેલી વિવિધ કક્ષાઓ પણ સંગીતની અસરમાં અનેક વિવિધ ઝાંયો પ્રગટાવે છે. રાગનાં જેવી રીતે ચિત્રો થયેલાં છે, તેવી રીતે આ રાગનાં કાવ્યો છે. એ રાગના શ્રવણથી કવિને દેખાયેલી સૃષ્ટિનાં આ ચિત્રો છે. કશા બૌધ્ધિક સંકલ્પ કે વિચાર વિના રાગના વાતાવરણમાં વહેતાં વહેતાં જે દૃશ્યાવલિ, જે ભાવ ઊભો થતો ગયો તેને અહીં કાવ્યબધ્ધ કર્યા છે.[2] જુદા જુદા રાગનાં સુંદર ચિત્રાત્મક આલેખનો આ રીતે સુંદરમ્ આપે છે. રાજેન્દ્રને પણ શાસ્ત્રીય સંગીતનું જ્ઞાન હોવાની પ્રતીતિ આપણને તેમની કવિતા વાંચતાં થાય છે. ધ્વનિ, સુર, સ્વર, શબ્દ, શ્રુતિ, મીંડ, મંદ્ર, કોમલ,ગાંધાર, રિષભ ઇત્યાદિ સંગીતના પારિભાષિક શબ્દોના પ્રયોગ સાથે જુદા જુદા રાગોનાં નામોના ઉલ્લેખો કવિતામાં પ્રચુર પ્રમાણમાં મળે છે. સુંદરમ્ની જેમ તેમણે પણ 'શાંત કોલાહલ'માં 'રાગિણી' શીર્ષક હેઠળ શ્રી સંપન્ન દાંપત્યની પ્રસન્નતા પ્રગટ કરતા ૮ સોનેટ આપ્યાં છે. આ સોનેટમાળામાં લલિત,દેશી, મધુમાધવી, આશાવરી, તોડી ,રોહિણી અને ભૈરવી એ આઠ રાગિણીઓ પ્રહર અનુસાર ક્રમમાં તે રાગના ગુણ-લક્ષણ-સ્વભાવ ઇત્યાદિનું વર્ણન આપે છે. સાથે સાથે આ વિવિધ રાગિણીઓના સંસ્કારથી ઉદ્ભવતાં એ શબ્દચિત્રોમાં ગૃહસ્થ જીવનને નજર

---

૧. કવિશ્રી રાજેન્દ્ર શાહની તા ૬/૧૧/૯૬ રૂબરૂ મુલાકાતમાંથી .
૨. શબ્દયોગ, સંપા. મફત ઓઝા, સુધા પંડ્યા. ૧૯૮૪.પૃષ્ઠ-૧૨૦-૧૨૧.

સમક્ષ રાખીને કવિએ ગૃહિણી પ્રિયાના વિવિધ મનોભાવ વ્યકત કર્યા છે. એમાં નાયકના મુગ્ધ અનુરાગથી માંડીને પ્રેમની સંજીવની શકિત સુધીના અનુભવનું આરોહણ થયું છે. જેમ કે રોહિણીની પ્રણય-આતુર મૂર્તિ, તો આશાવરીની પ્રણયોન્મુખ નાયિકા ઇત્યાદિના સ્પર્શક્ષમ ચિત્ર કવિ ઉપસાવે છે³ આમ કવિ સવારથી રાત્રી સુધીના વિવિધ સમયે ગવાય તે ક્રમમાં ગૃહિણીના વિવિધ સ્વરૂપોનાં ચિત્રો દોરીને પ્રસન્ન દાંપત્યનો તૃપ્તિકર અનુભવ વ્યકત કરે છે. અહીં ભાવનિષ્પત્તિ સંગીત, કવિતા અને ચિત્રકલાનો વિશિષ્ટ યોગ દર્શાવે છે. તે ઉપરાંત એમનાં ગીતોનો ગુંજાર તો સંગીતની લોકભોગ્ય ક્ષમતાને ચરમબિંદુએ પ્રગટાવે છે. કવિ મકરંદની કવિતામાં પણ ધ્યાન ખેંચે એવું તત્વ સંગીતનું જ છે. કવિને નાનપણથી જ ભજનો અને લોકસંગીતમાં રસ છે. કણબીપાના ફળિયામાં વાગતો ઢોલ કવિના શૈશવની સ્મૃતિ બની એમની કવિતામાં ઊતરે છે. અનહદની મસ્તીની છોળ ઉડાડતી તેમની કવિતામાં ભજનરસનું સંગીત આસ્વાદ્ય અને લોકભોગ્ય છે. મિત્રો, ભજનિકો દ્વારા ગવાતાં ભજનો, બાઉલગીતોની ગુંજ કવિના અંતરપટ પર ઝિલાતી જ રહી છે. જો કે સુંદરમ્, રાજેન્દ્ર અને મકરંદ શાસ્ત્રીય અને લોકપરંપરામાં જુદા પડે છે. રાજેન્દ્ર-સુંદરમ્ શાસ્ત્રીય પરંપરા અને મકરંદ લોકપરંપરાના કવિ તરીકે ઊપસે છે. તેમના કાવ્યસર્જનના અભિગમમાં અધ્યાત્મસાધના પધ્ધતિમાં અને શબ્દ-સૂરની પસંદગીમાં રાજેન્દ્ર-સુંદરમ્ શાસ્ત્રીય અને મકરંદ લોકપરંપરાને અનુસરે છે. રાજેન્દ્ર-સુંદરમ્ની કવિતાઓમાં સંસ્કૃત શબ્દોનું પ્રાચુર્ય છે તો મકરંદમાં સોરઠી લોકબોલી અને ઉર્દૂ શબ્દોની અસર જોવા મળે છે. રાજેન્દ્ર, સુંદરમ્ની કવિતા શાસ્ત્રીય રાગો ઉપર લખાયેલી, શાસ્ત્રીય સંગીતની પરિભાષાને પ્રયોજતી અને શાસ્ત્રીય રાગો માટે લખાયેલી અને બંધાયેલી છે. જયારે મકરંદની કવિતામાં ભજનવાણીના સંગીતની માટીની સોડમ અને આતમનાં તેજને વહાવતી સંગીત માધુરી માણી શકાય છે. આ રીતે આપણે જોઇ શકીએ છીએ કે સુંદરમ્, રાજેન્દ્ર અને મકરંદ ત્રણેય કવિઓની અધ્યાત્મકવિતા અધ્યાત્મ અને કવિતા-કલાના સર્વોચ્ચશિખરે પહોંચે છે. જો કે અધ્યાત્મકવિતામાં સ્વાભાવિક-સંભવ એવા દોષો તેમની કવિતામાં આપણને જડે છે. ચિંતનના ભાર હેઠળ કાવ્યત્વ કયાંક દબાઇ જાય છે. જેમ જેમ આધ્યાત્મિક વિકાસ થતો જાય છે તેમ તેમ કાવ્ય આયાસમુકત બનતું જાય છે પરંતુ કયારેક સંકુલતા અને દુર્બોધતાનું પ્રમાણ વધતું જાય છે. કાવ્યનું લંબાણ ઘણી જગ્યાએ કઠે છે. કયાંક ભાવનિરૂપણમાં અસંગતતા જોવા મળે છે. આધ્યાત્મિક ચિંતનને પરિષ્કૃત કરતાં કાવ્યતત્વ દૂષિત થાય છે અને વિચારોનું પુનરાવર્તન, વિષયની એકવિધતા, સંવેદનાની છીછરાશ અને કૃતકતાનો અનુભવ પણ આપે છે. સુંદરમ્માં સાંપ્રદાયિકતા, તો રાજેન્દ્રમાં આત્મરતિ કાવ્યકલાની આડે આવે છે. અતિ પ્રશિષ્ટ અને અરૂઢ શબ્દપ્રયોગોથી દુર્બોધતા આવે છે સાથે સાથે યોગક્રિયાના જ્ઞાન વિના તો આ કવિઓની કવિતા સમજવી દુષ્કર છે. સુંદરમ્ની કવિતામાં અને રાજેન્દ્રની કવિતામાં પણ તત્વચિંતન અને રહસ્યમયતાની અતિશયતા ટીકાને પાત્ર બન્યાં છે. મકરંદ તો સહજ સ્ફૂરે એવું કાવ્યમાં ઉતારે છે. કવિતાને મઠારવાની માથાકૂટમાં તે પડતા નથી. આથી ઘણી કવિતાઓ સર્વાંગ સુંદર બનતાં રહી જાય છે, તો કેટલીક નબળી કૃતિઓ જન્મે છે. આમ છતાં ત્રણેય મોટા ગજાના કવિઓ છે. એમની કાવ્યકલા અંગે વિચાર કરતાં કહી શકાય કે તેમનું કાવ્યસર્જન સાચા અર્થમાં આધ્યાત્મિક પ્રક્રિયા છે. તેઓ અધ્યાત્મના વિષયને રસઘન અનુભૂતિ કરાવવાની કક્ષાએ પહોંચાડે છે. કાવ્યસર્જનની કલાસજ્જતા ત્રણેય કવિઓમાં છે પણ સુંદરમ્ અને રાજેન્દ્રમાં જે માવજત અને ચોવટ છે તે મકરંદમાં નથી. અતિશય ચોવટને લીધે જ

---

૩. સૌંદર્યદર્શી કવિઓ. દક્ષા વ્યાસ. ૧૯૮૪. પૃષ્ઠ- ૩૭- ૩૮.

સુંદરમ્ વારંવાર પાઠાંતરો કરે છે, જ્યારે રાજેન્દ્રમાં ચીવટ સાથે સજ્જતા વિશેષ છે. શબ્દો અનિવાર્યપણે શિસ્ત જાળવે છે. જ્યારે મકરંદનું કાવ્યસર્જન હેતુપુરઃસરનું નથી. સાહજિક ક્રિયારૂપ છે. સુંદરમ્નું પરમતત્ત્વ સાથેનું સંવનન પ્રાર્થનાઓ પ્રગટાવે છે, તો રાજેન્દ્રનું પરમતત્ત્વ સાથેનું તાદાત્મ્ય ચેતો વિસ્તાર અને સામરસ્યના આવિર્ભાવનો અદ્વિતીય આનંદ પ્રગટાવે છે. મકરંદ પરમતત્ત્વ સાથેના સંવનનમાં ચિત્તશુદ્ધિના ઉપાય-રૂપ દુઃખો, તાપો, યાતનાઓની યાચના કરે છે અને પરમરસની હેલીમાં ભીંજાવાનો આનંદ પ્રગટાવે છે. આ કવિઓની કવિતા તેમણે મેળવેલી અધ્યાત્મની સર્વોચ્ચ સિદ્ધિની પ્રતીતિ કરાવે છે. સુંદરમ્-મકરંદમાં કાવ્યસર્જનની વિપુલતા એમના ગુણોને મર્યાદામાં ક્યારેક ફેરવી દે છે, તો મકરંદમાં એની સહજતા કાવ્યદોષ જન્માવે છે. આમ છતાં આ ત્રણેય કવિઓનો ગુજરાતી અધ્યાત્મકવિતાની પરંપરામાં જે મહત્ત્વપૂર્ણ ફાળો છે તેનો આપણે સ્વીકાર કરવો જ રહ્યો. અધ્યાત્મકવિતાના મધ્યકાળ જેવા ઉન્નત શિખરો સર કરવામાં આ ત્રણેય કવિઓની કવિતા કારગત નીવડી છે.